dailyhunt સંજોગ ન્યૂઝ
અમરેલી નું સુપ્રસિદ્ધ દૈનિક સંજોગ ન્યૂઝ હવે Dailyhunt પર...
અમરેલી ગુજરાત સહિત દેશ વિદેશ, રમતગમત તમામ સમાચાર
વાંચવા માટે Dailyhunt પર સંજોગ ન્યૂઝને ફોલો કરો.
https://dhunt.in/RbYBS

# સંજોગ ન્યૂઝ

SANJOG NEWS DAILY GUJARATI - AMRELI, RNI NO. GUJGUJ/2017/75270, Postal Reg.No.AMR/207/Validup to 2024-26

Year - 7 | Issue- 261 | AD - 2024, Jeth vad- 03 | Monday, Dt.24-06-2024 | Editor : Vasant Movliya : Phone : (02792) 225225 | E-mail : sanjognews@gmail.com | Page-08 Price : Rs.3-00

### શિક્ષણ મંત્રાલયની ફરિયાદ બાદ અજાણ્યા શખ્સો સામે તપાસનો ધમધમાટ

# નીટ પેપર લીકની તપાસ સીબીઆઈને સોંપ્યા બાદ પ્રથમ FIR

નવીદિલ્હી,તા.૨૩



નીટ પેપર લીકની તપાસ સીબીઆઈને સોંપવામાં આવી છે. ત્યારપછી સીબીઆઈએ આ કેસની તપાસ તેજ કરી છે. આજે સીબીઆઈએ નીટ પેપર લીક કેસમાં પ્રથમ એફઆઈઆર પણ નોંધી છે. શિક્ષણ મંત્રાલયની ફરિયાદ બાદ સીબીઆઈએ નીટ પરીક્ષા પેપર લીક કેસમાં નિયમિત કેસ નોંધ્યો છે. સીબીઆઈએ આઈપીસી કલમ ૪૨૦, છેતરપિંડી અને ૧૨૦B એટલે કે ષડયંત્ર હેઠળ એફઆઈઆર નોંધી છે. તેની પ્રથમ એફઆઈઆર નોંધ્યા પછી, સીબીઆઈએ હવે કેસની તપાસ શરૂ કરી છે. સૂત્રોનું માનીએ તો સીબીઆઈએ આ એક અલગ કેસ નોંધ્યો છે. બિહાર અને ગુજરાતના કેસ હાથ ધરવામાં આવ્યા નથી. બંને રાજ્યોની પોલીસ હાલ તેમના સ્તરે તપાસ કરી રહી છે અને ધરપકડ કરી રહી છે. હાલમાં સીબીઆઈએ અલગ કેસ નોંધ્યો છે. હવે આ મામલાની તપાસ કરવામાં આવી રહી છે. જો વધુ તપાસ દરમિયાન સીબીઆઈને આવુ લાગશે તો બિહાર અને ગુજરાત પોલીસનો પણ સંપર્ક કરવામાં આવશે. તે જ સમયે, બંને રાજ્યોની પોલીસની સંમતિ પછી અને જ્યારે જરૂર પડે ત્યારે તેમના કેસને હાથમાં લઈ શકાય છે અને કેસ ડાયરી લઈ શકાય છે. તમને જણાવી દઈએ કે અગાઉ યુજીસી એનઈટી કેસમાં પણ શિક્ષણ મંત્રાલયની ફરિયાદ બાદ સીબીઆઈએ અજાણ્યા લોકો વિરુદ્ધ છેતરપિંડી અને ષડયંત્રની કલમો હેઠળ નિયમિત કેસ નોંધીને તપાસ શરૂ કરી છે. હકીકતમાં, યુજીસી એનઈટી પેપર લીક કેસમાં, શિક્ષણ મંત્રાલયે મોટો નિર્ણય લીધો અને શનિવારે સીબીઆઈને તપાસ સોંપી. અગાઉ સમાચાર આવ્યા હતા કે રવિવાર (૨૩ જૂન)ના રોજ યોજાનારી નીટ પીજી પ્રવેશ પરીક્ષા મોકૂફ રાખવામાં આવી છે. હવે આ પરીક્ષાની નવી તારીખ જાહેર કરવામાં આવશે.

### નીટ પેપર લીક મામલે સીબીઆઈની ટીમ ગુજરાત આવશે

નીટ પેપર લીક કેસમાં થયેલી ગેરરીતિ અંગેની ફરિયાદ ગોધરા તાલુકા પોલીસ મથકમાં તારીખ ૮ મે, ૨૦૨૪ના રોજ નોંધવામાં આવી છે. આ સમગ્ર બાબતમાં વિસ્તૃત તપાસ થઈ શકે તેવા હેતુથી ગોધરા તાલુકા પોલીસ મથકમાં નોંધાયેલી FIRની તપાસ પણ રાજ્ય સરકારે સી.બી.આઈ.ને સોંપવાનો નિર્ણય કર્યો છે. રાજ્ય સરકારના ગૃહ વિભાગે આ સંદર્ભમાં નોટિફિકેશન પણ જારી કર્યું છે. આમ રાજ્ય સરકારે લાંબા સમય બાદ સીબીઆઈને કોઈ કેસની તપાસ સોંપી હોય એવું બન્યું છે. આ તપાસને લઈ હવે સીબીઆઈની ટીમ ગુજરાત આવશે.



# આજથી ૧૮મી લોકસભાનું પ્રથમ સત્ર, પ્રધાનમંત્રી સહિતના સાંસદો શપથ લેશે

(એ.આર.એલ),નવીદિલ્હી,તા.૨૩

ચૂંટણી પૂર્ણ થયા બાદ ૧૮મી લોકસભાનું પ્રથમ સત્ર સોમવાર એટલે કે ૨૪ જૂનથી શરૂ થશે, જેમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદી સહિત નવા ચૂંટાયેલા સાંસદો શપથ લેશે. આ પછી, સ્પીકરની પસંદગી કરવામાં આવશે અને રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ બંને ગૃહોની સંયુક્ત બેઠકને સંબોધિત કરશે. લોકસભા ચૂંટણી પૂર્ણ થયા બાદ ૧૮મી લોકસભાનું આ પ્રથમ લોકસભા સત્ર હશે. આ ચૂંટણીમાં એનડીએ પાસે ૨૯૩ બેઠકો સાથે બહુમતી છે, જ્યારે ભાજપ પાસે ૨૪૦ બેઠકો છે, જે બહુમતીના ૨૭૨ના આંકડા કરતાં ઓછી છે. વિપક્ષી પાર્ટી ભારતીય જનતા પાર્ટી પાસે ૨૩૪ બેઠકો છે જ્યારે કોંગ્રેસ પાસે ૯૯ બેઠકો છે. મોદી અને તેમની મંત્રી પરિષદ આવતીકાલે સવારે ૧૧ વાગ્યાથી શપથ લેશે,,પીએમ મોદી શપથ ગ્રહણ કર્યા બાદ મંત્રી પરિષદના અન્ય સભ્યો શપથ લેશે.

આ પછી, વિવિધ રાજ્યોના સાંસદો મૂળાક્ષરોના ક્રમ અનુસાર શપથ લેશે. આસામના નવા ચૂંટાયેલા સાંસદો પહેલા શપથ લેશે અને પછી પશ્ચિમ બંગાળના સાંસદો શપથ લેશે. બીજા દિવસે (૨૫ જૂન) ૨૬૪ નવા ચૂંટાયેલા સાંસદો શપથ લેશે. ભાજપના નેતા અને સાત વખતના સભ્ય ભરતરિહરી મહતાબની પ્રોટેમ સ્પીકર તરીકે નિમણૂકનો વિવાદ સત્રને અસર કરે તેવી શક્યતા છે.

વિપક્ષ દ્વારા આ પગલાની ટીકા કરવામાં આવી છે અને આક્ષેપ કરવામાં આવ્યો છે કે કોંગ્રેસના સભ્ય કોડીકુનીલ સુરેશના આ પદ માટેના દાવાને સરકાર દ્વારા અવગણવામાં આવેલ છે. સંસદીય બાબતોના પ્રધાન કિરેન રિજિજુએ જણાવ્યું હતું કે મહતાબની લોકસભાના સભ્ય તરીકે સાત અવિરત ટર્મ છે, જે તેમને આ પદ માટે લાયક બનાવે છે. સુરેશ ૧૯૯૮ અને ૨૦૦૪માં ચૂંટણી હારી ગયા, તેમના વર્તમાન કાર્યકાળને નીચલા ગૃહમાં તેમની સતત ચોથી મુદત બનાવી.૧૮મી લોકસભાની પ્રથમ બેઠકના પ્રસંગે સભ્યોએ મૌન પાળીને કાર્યવાહી શરૂ થશે.

આ પછી લોકસભાના મહાસચિવ ઉત્પલ કુમાર સિંહ લોકસભામાં ચૂંટાયેલા સભ્યોની યાદી રજૂ કરશે. આ પછી, મહતાબ સંસદના સભ્ય તરીકે શપથ લેવા માટે લોકસભાના નેતા વડાપ્રધાન નરેન્દ્ર મોદીને મળશે.

**આસામના નવા ચૂંટાયેલા સાંસદો પહેલા શપથ લેશે અને પછી પશ્ચિમ બંગાળના સાંસદો શપથ લેશે**

## કેદારનાથના મેકર્સે સારા અલી ખાન પર પાંચ કરોડનો કેસ કરેલો

(એ.આર.એલ),મુંબઈ,તા.૨૩

સારા અલી ખાને ૨૦૧૮માં આવેલી અભિષેક કપૂરની 'કેદારનાથ' દ્વારા બૉલીવુડમાં એન્ટ્રી કરી હતી. એ ફિલ્મના શૂટિંગ દરમ્યાન તેણે રોહિત શેટ્ટીની 'સિમ્બા' સાઇન કરી હતી અને એને કારણે બન્ને ફિલ્મોનાં શૂટિંગ પર અસર પડી હતી. એને લીધે 'કેદારનાથ'ના મેકર્સે સારા પર પાંચ કરોડ રૂપિયાનો કેસ કર્યો હતો. એ વિશે સારા કહે છે, '૨૦૧૮ના મે મહિનામાં મારે 'સિમ્બા'નું શૂટિંગ કરવાનું હતું. એ જ વખતે મારી પહેલી ફિલ્મ 'કેદારનાથ'નું પણ શૂટિંગ બાકી હતું. બન્ને ફિલ્મોની તારીખ ઉપર-નીચે થઈ હતી એથી 'કેદારનાથ'ના મેકર્સે મારા પર પાંચ કરોડનો કેસ કર્યો હતો.

**સ્પેસ વેસ્ટ વધવાની સમસ્યાને પણ હલ કરી શકાશે**

# ઈસરોનો વધુ એક રેકોર્ડ, ફરીથી વાપરી શકાય તેવી એરક્રાફ્ટ ટેક્નોલોજીનું ત્રીજું પરીક્ષણ પણ સફળ

(એ.આર.એલ),બેંગ્લોર,તા.૨૩



ઈન્ડિયન સ્પેસ રિસર્ચ ઓર્ગેનાઈઝેશન ઈસરોએ રવિવારે કહ્યું કે તેણે ત્રીજી વખત તેની ફરીથી વાપરી શકાય તેવી લોન્ચ વ્હીકલ ટેક્નોલોજીનું સફળતાપૂર્વક પરીક્ષણ કર્યું. ઈસરોએ કહ્યું કે આ વખતે પ્રક્ષેપણ વાહનનું પરીક્ષણ વધુ પડકારજનક સ્થિતિમાં કરવામાં આવ્યું હતું અને તે તમામ ધોરણોને પૂર્ણ કરે છે. આ પરીક્ષણમાં, ઈસરોએ લેન્ડિંગ ઈન્ટરફેસ અને હાઈ સ્પીડ પર એરક્રાફ્ટના ઉતરાણની સ્થિતિની તપાસ કરી. આ પરીક્ષણ સાથે ઈસરોએ આજના સમયની સૌથી મહત્વપૂર્ણ તકનીકોમાંની એક હાંસલ કરવાની દિશામાં એક મજબૂત પગલું ભર્યું છે. ઈસરોએ રવિવારે સવારે ૭.૧૦ વાગ્યે કર્ણાટકના ચિત્રદુર્ગમાં એરોનોટિકલ ટેસ્ટ રેન્જ ખાતે ફરીથી વાપરી શકાય તેવા પ્રક્ષેપણ વાહનનું ત્રીજું અને અંતિમ પરીક્ષણ કર્યું હતું. આ પહેલા ઈસરોએ ફરીથી વાપરી શકાય તેવા લોન્ચ વ્હીકલના બે સફળ પરીક્ષણો કર્યા છે. ત્રીજા પરીક્ષણમાં, લોન્ચ વ્હીકલને ઉંચાઈથી લોન્ચ કરવામાં આવ્યું હતું અને તેજ પવન પણ હતો, તેમ છતાં લોન્ચ વ્હીકલ 'પુષ્પક' એ સંપૂર્ણ ચોકસાઈ સાથે રનવે પર સુરક્ષિત ઉતરાણ કર્યું હતું. પરીક્ષણ દરમિયાન, પ્રક્ષેપણ વાહન પુષ્પકને વાયુસેનાના ચિનૂક હેલિકોપ્ટરથી સાડા ચાર કિલોમીટરની ઊંચાઈથી લોન્ચ કરવામાં આવ્યું હતું. આ પછી, લોન્ચ વ્હીકલ પુષ્પકએ રનવે પર સ્વાયત્ત રીતે સફળ લેન્ડિંગ કર્યું. ઉતરાણ દરમિયાન વાહનની ઝડપ લગભગ ૩૨૦ કિલોમીટર પ્રતિ કલાક હતી. તમને જણાવી દઈએ કે લેન્ડિંગ સમયે કોમર્શિયલ એરક્રાફ્ટની સ્પીડ ૨૬૦ કિલોમીટર પ્રતિ કલાક અને ફાઈટર એરક્રાફ્ટની સ્પીડ લગભગ ૨૮૦ કિલોમીટર પ્રતિ કલાક હોય છે. લેન્ડિંગ સમયે પહેલા બ્રેક પેરાશૂટની મદદથી લોન્ચ વ્હીકલની સ્પીડને ૧૦૦ કિલોમીટર પ્રતિ કલાક સુધી ઘટાડવામાં આવી હતી અને પછી લેન્ડિંગ ગિયર બ્રેકની મદદથી વિમાનને રનવે પર રોકી દેવામાં આવ્યું હતું. ભવિષ્યમાં પ્રક્ષેપણ વાહનને અવકાશમાં મોકલવા અને તેને સુરક્ષિત રીતે પૃથ્વી પર પાછું લેન્ડ કરવા અને તેને ફરીથી અવકાશમાં મોકલવા માટે આ ટેક્નોલોજી ખૂબ જ મહત્વપૂર્ણ છે.

### આ ટેક્નોલોજીના કારણે ઈસરોના ખર્ચમાં નોંધપાત્ર ઘટાડો

આ પરીક્ષણમાં પણ અગાઉના પરીક્ષણો દરમિયાન ઉપયોગમાં લેવાયેલા વાહનની બોડી અને ફ્લાઇટ સિસ્ટમનો ફરીથી ઉપયોગ કરવામાં આવ્યો હતો, જે ઇસરોની ડિઝાઇન ક્ષમતા દર્શાવે છે. વિક્રમ સારાભાઈ સ્પેસ સેન્ટરની આગેવાની હેઠળ, મિશનમાં ઇસરોનું સ્પેસ એપ્લિકેશન સેન્ટર, ઇસરો ટેલિમેટ્રી, ટ્રેકિંગ એન્ડ કમાન્ડ નેટવર્ક અને સતીશ ધવન સ્પેસ સેન્ટર, શ્રીહરિકોટા પણ સામેલ હતા.

# ઉત્તર ભારતમાં ભીષણ ગરમી: દિલ્હીમાં ગરમીએ ૮૦ વર્ષનો રેકોર્ડ બ્રેક કર્યો

(એ.આર.એલ),નવીદિલ્હી,તા.૨૩



નવીદિલ્હી અને એનસીઆર સહિત સમગ્ર ઉત્તર ભારતમાં આ વખતે ભીષણ ગરમી અને હીટવેવની મારે બધાને બેહાલ કરી દીધા. આ વખતની ગરમીએ દિવસના જ નહીં રાતના પણ રેકોર્ડ તોડયા છે. દિલ્હીમાં છેલ્લા ૮૦ વર્ષની ભીષણ ગરમી આ વખતે પડી છે. દિલ્હીમાં તાપમાને છેલ્લા ૮૦ વર્ષનો રેકોર્ડ તોડી નાખ્યો છે. ઉત્તર ભારતના રાજ્યોમાં હીટ સ્ટ્રોકના લીધે અનેક લોકોના જીવ ગયા છે. ઉત્તર ભારતમાં ગરમી જબરદસ્ત ત્રાટકી છે. સમગ્ર દેશમાં લૂથી મરવાનો સિલસિલો જારી છે. ગ્લોબલ વોર્મિંગના પ્રતાપે હીટવેવ નવી આફત બનીને ઉભરી આવી છે. આ વર્ષે સૌથી લાંબા સમય સુધી હીટવેવ ચાલી અને ભારે ગરમીના લીધે બીમાર થવાના ૨૫ હજારથી વધુ કેસો નોંધાયા. યુરોપીયન ક્લાઈમેટ એજન્સી કોપરનિક્સ મુજબ મે ૨૦૨૪થી અત્યાર સુધીનો સૌથી વધુ ગરમ મહિનો હતો. ઉત્તર પશ્ચિમ ભારત અને મધ્ય ક્ષેત્રમાં કેટલાક હિસ્સા પ્રચંડ ગરમીની ઝપેટમાં છે. આ વર્ષે દેશ સૌથી લાંબી અને ભીષણ ગરમીનો માર સહન કરી રહ્યો છે. આમ વર્ષ ૨૦૨૪ છેલ્લા ૧૫ વર્ષમાં સૌથી વધુ તીવ્ર અને સૌથી વધુ હીટવેવ ધરાવતા દિવસોવાળુ વર્ષ બનવા જઈ રહ્યું છે. ભારતીય હવામાન વિભાગના આંકડા જણાવે છે કે પહેલી માર્ચથી ૯ જૂન વચ્ચે હીટવેવવાળા દિવસો ૧૫ દિવસથી પણ વધારે નોંધાયા છે. સામાન્ય રીતે આવા દિવસો ૬ થી ૮ દિવસ હોય છે.



# તિસ્તા નદીના સંરક્ષણ માટે ભારતની ટીમ બાંગ્લાદેશ જશે

(એ.આર.એલ),નવીદિલ્હી,તા.૨૩

ભારત અને બાંગ્લાદેશ શનિવારે નવા ક્ષેત્રોમાં પરસ્પર સહયોગને વિસ્તૃત કરવાની ભાવિ યોજનાઓ પર સંમત થયા હતા અને દરિયાઇ ક્ષેત્ર સહિત ઘણા મહત્વપૂર્ણ ક્ષેત્રોમાં સંબંધોને વેગ આપવા માટે ૧૦ કરારો પર હસ્તાક્ષર કર્યા હતા. વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને શેખ હસીના વચ્ચેની વાટાઘાટોના મુખ્ય પરિણામોમાં તિસ્તા નદીના સંરક્ષણ અને વ્યવસ્થાપન માટે ભારત ટૂંક સમયમાં એક ટેકનિકલ ટીમને બાંગ્લાદેશ મોકલશે, એક વ્યાપક વેપાર કરાર અને સંરક્ષણ સંબંધોને પ્રોત્સાહન આપવા પર વાતચીત શરૂ કરશે.

તમને જણાવી દઈએ કે ચીન ઘણા સમયથી ઢાકાને મનાવવાની કોશિશ કરી રહ્યું હતું કે તેને તિસ્તા બેસિનનો વિકાસ કરવાની તક આપવામાં આવે. જોકે, ભૌગોલિક રાજકીય સમીકરણોને ધ્યાનમાં રાખીને બાંગ્લાદેશ માત્ર ભારત સાથે જ કામ કરવા સંમત થયું છે. આ મોટા પ્રોજેક્ટનું મહત્વ વધી ગયું છે કારણ કે ચીને પણ આડકતરી રીતે તેમાં રસ દાખવ્યો છે. આ પ્રોજેક્ટમાં તિસ્તા નદીના પાણીના સંચાલન અને સંરક્ષણ માટે મોટા જળાશય અને સંલગ્ન ઈન્ફ્રાસ્ટ્રક્ચરના નિર્માણની કલ્પના કરવામાં આવી છે. બંને દેશો વચ્ચે તિસ્તાના પાણીની વહેંચણી પર સમજૂતી સુધી પહોંચવા માટે લાંબા સમયથી પડતર દરખાસ્ત વચ્ચે પ્રોજેક્ટ પર આ પગલું લેવામાં આવ્યું છે. સપ્ટેમ્બર ૨૦૧૧માં તત્કાલિન વડાપ્રધાન મનમોહન સિંહની બાંગ્લાદેશની મુલાકાત દરમિયાન આ કરાર પર હસ્તાક્ષર થવાના હતા, પરંતુ પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી મમતા બેનર્જીના વાંધાને કારણે છેલ્લી ઘડીએ તેને મોકૂફ રાખવામાં આવ્યો હતો.

વિદેશ સચિવ વિનય ક્વાત્રાએ એક પ્રેસ કોન્ફરન્સમાં જણાવ્યું હતું કે ભારત યોગ્ય ભારતીય સહાય સાથે બાંગ્લાદેશની અંદર તિસ્તા નદીનું સંરક્ષણ અને સંચાલન કરવાની યોજના બનાવી રહ્યું છે. બંને પક્ષોએ ડિજિટલ સેક્ટર, મેરીટાઈમ સેક્ટર, મેરીટાઈમ ઈકોનોમી, રેલ્વે, સ્પેસ, ગ્રીન ટેકનોલોજી, હેલ્થ અને મેડિસિન જેવા મહત્વના ક્ષેત્રોમાં સંબંધોને મજબૂત કરવા માટે ૧૦ કરારો પર હસ્તાક્ષર કર્યા.









સંજોગ ન્યૂઝ
આપણું અમરેલી
સોમવાર, તા.૨૪-૦૬-૨૦૨૪

### છેલ્લાં ઘણા દિવસથી મેઘરાજા હાથતાળી આપતા હોવાથી ચિંતાનો માહોલ છવાયો હતો

# અમરેલી જિલ્લામાં મેઘરાજાના આગમનથી ખેડૂતો ખુશખુશાલ

અમરેલી,તા.૨૩

અમરેલી જિલ્લામાં આજે મેઘરાજાનુ ધમાકેદાર આગમન થયુ હતુ. છેલ્લાં ઘણા દિવસોથી જિલ્લાવાસીઓ સારા વરસાદની રાહ જોઈ રહ્યાં હતા. ખેડૂતોએ ચોમાસુ પાકનુ વાવેતર કરી નાખ્યુ હોય ત્યારે આ વરસાદ ખેતીપાક માટે કંચનરૂપી વરસાદ વરસતા ખેડૂતોમાં આનંદની લાગણી પ્રસરી જવા પામી છે. અમરેલી જિલ્લાના ખેડૂતો છેલ્લાં ઘણા દિવસોથી સારા વરસાદ માટે મેઘરાજાને વિનવણી કરતા હતા ત્યારે આજે મેઘરાજાએ ખેડૂતોની વિનવણી સાંભળી હોય તેમ કયાંક ધોધમાર તો કયાંક ધીમીધારે વરસાદનું આગમન થયુ હતુ. આજે દિવસ દરમિયાન સાવરકુંડલામાં ૪૩ મીમી જેટલો વરસાદ નોંધાયો હતો તો કુંકાવાવ-વડીયામાં ૮ મીમી, બાબરામાં ૭ મીમી, લાઠીમાં ૨૮ મીમી, અમરેલીમાં ૩ મીમી, બગસરામાં ૧ મીમી, ધારીમાં ૧૫ મીમી, ખાંભામાં ૬ મીમી, રાજુલામાં ૩ મીમી, વરસાદ નોંધાયો હતો. જો કે લીલીયાના ગ્રામ્ય પંથક મોટા કણકોટ ગામે પાંચ ઈંચ જેટલો વરસાદ નોંધાયો હોવાનુ જાણવા મળ્યુ છે. કોટડાપીઠામાં પણ વાવણીલાયક વરસાદ વરસ્યો હતો. જયારે ધારીના ગોવિંદપુર, દલખાણીયા, માલસીકા સહિતના ગામોમાં પણ ભારે વરસાદ થતા ખોડીયાર ડેમમાં નવા નીરની આવક નોંધાઈ હતી. જિલ્લામાં મેઘરાજાના આગમનથી ખેડૂતોના ચહેરા પર ખુશીનો માહોલ છવાયો છે.





**સાવરકુંડલામાં ૪૩ મીમી વરસાદથી નાવલી નદીમાં નવા નીર તો ખોડીયાર ડેમમાં પણ નવા પાણીની આવક નોંધાઈ**

## સા.કુંડલાના મઢડા ગામે યુવતીને ભગાડી જતા ફરિયાદ

અમરેલી,તા.૨૩

અમરેલી જિલ્લામાં સગીરા કે પુખ્ત વયની યુવતીઓને ભગાડી જવાના કિસ્સા જાણે હવે સામાન્ય બની ગયા છે. સગીરાઓને પણ ભુતકાળમાં યુવાનો ભગાડી ગયાના બનાવ પોલીસ ચોપડે નોંધાયેલા છે. ત્યારે હવે સા.કુંડલાના મઢડા ગામે એક યુવતીને લગ્ન કરવાની લાલચ આપી એક યુવક ભગાડી ગયાનો બનાવ પોલીસ ચોપડે નોંધાયો છે. સાવરકુંડલા તાલુકાના મઢડા ગામે રહેતા ફરીયાદી ધીરૂભાઈ પુનાભાઈ વાઘેલાની ૧૮ વર્ષીય દિકરીને ગામનો વિપુલ ગભરૂ ભાલીયા નામનો શખ્સ લગ્ન કરવાના ઈરાદે ભગાડી અપહરણ કરી લઈ ગયો હોવાની ફરીયાદ વંડા પોલસ સ્ટેશનમાં નોંધાવતા પીએસઆઈ ગોહિલ આ બનાવની તપાસ ચલાવી રહ્યાં છે.

## બાબરામાં ગટર અને રસ્તાઓની દુર્દશા: લોકોમાં ભારે રોષનો માહોલ

બાબરા, તા.૨૩

બાબરા શહેરમાં ગટરના ઢાંકણ ગાયબ રહેવાના અને ગટરનાં પાણી રસ્તા પર વહેતા રહેવાના મુદ્દાએ લોકોમાં ભારે રોષ ફેલાયો છે. થોડા દિવસો પહેલા, ચમારડીના ઝાંપા પાસે ખુલ્લી ગટરમાં બે બહેનો એક્ટિવા સહિત પડી ગઈ હતી, જેમાં તેમને ઈજા પણ થઈ હતી. આવી ઘટનાઓ વારંવાર બનતી હોવા છતાં, પાલિકા દ્વારા કોઈ કાર્યવાહી કરવામાં આવી રહી નથી. લોકોના આરોપ છે કે ખુલ્લી ગટરની આસપાસ કોઈ બેરીકેડ પણ મૂકવામાં આવતા નથી, જેના કારણે અકસ્માતોનો ભય રહે છે. આ ઉપરાંત, શહેરમાં ઘણી સ્ટ્રીટ લાઈટો બંધ છે, વારંવાર રજૂઆત કરવા છતાં કચરાપેટી તુટી ગયેલી હોવા છતાં બદલાવવામાં આવતી નથી.



લોકો એવો પણ આક્ષેપ કરી રહ્યા છે કે જ્યાં શાસક પક્ષના લોકો રહે છે ત્યાં તાત્કાલિક કામગીરી કરવામાં આવે છે, જ્યારે સામાન્ય લોકોની સમસ્યાઓ પર કોઈ ધ્યાન આપતું નથી. નવી નગરપાલિકા બન્યા પછી 'પહેલાં અને પછી' ના ફોટા ગ્રુપમાં મૂકીને કામગીરીનું પ્રદર્શન કરવામાં આવતું હતું, પરંતુ હવે તે પણ બંધ કરી દેવામાં આવ્યું છે. આ બધી બેદરકારીથી લોકો ખૂબ જ નારાજ છે અને પાલિકા પાસેથી ઝડપથી કાર્યવાહીની માંગ કરી રહ્યા છે.

## મોટી કુંકાવાવ ગામે બે યુવતીઓ પર મહિલા સહિત ત્રણનો હુમલો

અમરેલી,તા.૨૩

મોટી કુંકાવાવ ગામે જુના મનદુ:ખમાં બે યુવતીઓ પર મહિલા સહિત ત્રણ લોકોએ ઈંટોના છુટ્ટા ઘા મારી ઈજા પહોંચાડતા ત્રણ યુવતીઓ સામે વડીયા પોલીસ સ્ટેશનમાં ફરીયાદ નોંધાઈ છે. મોટી કુંકાવાવ ગામે રહેતા ફરીયાદી વિજયાબેન પોપટભાઈ લુહારની દિકરી ભારતી તથા સાહેદ મનિષાબેન ચાલીને ગામમાં જતા હતા ત્યારે અગાઉના મનદુ:ખનો ખાર રાખી તહોમતદાર જયાબેન હરીભાઈ બગડા તથા તેમની બંને દિકરીઓ ભારતી અને ચિન્ટુએ બંને યુવતીઓને ગાળો આપી ઈંટોના છુટ્ટા ઘા મારતા બંને યુવતીઓને ઈજા થતા અમરેલી સિવીલ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવી હતી. ફરિયાદીએ ત્રણેય લોકો સામે વડીયા પોલીસ સ્ટેશનમાં ફરીયાદ નોંધાવતા એ.એસ.આઈ.જાડેજાએ તપાસ શરૂ કરી છે.

## બાબરા ભાજપ દ્વારા શ્યામાપ્રસાદ મુખરજીની સ્મૃતિમાં શ્રદ્ધાંજલિ

બાબરા,તા.૨૩



બાબરા શહેર અને તાલુકા ભાજપ દ્વારા શ્યામાપ્રસાદ મુખરજીના સ્મૃતિ દિવસ નિમિત્તે બાબરાના નિલકંઠ મહાદેવ મંદિર ખાતે પુષ્પાંજલિ અર્પણ કરવામાં આવી હતી. આ પ્રસંગે શ્યામાપ્રસાદ મુખરજીને યાદ કરીને શ્રદ્ધાંજલિ અર્પણ કરવામાં આવી હતી. આ તકે જીલ્લા પંચાયતના સભ્ય નિતીનભાઈ રાઠોડ, ભુપેન્દ્રભાઈ બસિયા, તાલુકા ભાજપ મહામંત્રી રાજુભાઈ વિરોજા, કીરીટભાઈ બગડા, અશ્વીન મકવાણા, કરીમભાઈ કોટડીયા, સવજીભાઈ બાંભવા, હરેશગીરી ખંભાળા સહિત આગેવાનો, હોદેદારો અને કાર્યકર્તાઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યાં હતાં.

## લાઠી માર્કેટિંગ યાર્ડ ખાતે સાંસદ ભરત સુતરિયાનો સત્કાર સમારંભ યોજાયો

ભાજપના હોદ્દેદારો સહિત કાર્યકર હાજર રહ્યાં

લાઠી,તા.૨૩



અમરેલી લોકસભા બેઠક પરથી વિક્રમજનક મતથી જીત મેળવનાર ભાજપના સાંસદ ભરત સુતરિયાનો લાઠી માર્કેટિંગ યાર્ડ ખાતે સત્કાર સમારંભ યોજાયો હતો. આ સમારંભનું આયજન લાઠી તાલુકા, શહેર, દામનગર શહેર ભાજપ દ્વારા કરવામાં આવ્યું છે. આ તકે ભાજપના હોદ્દેદારો સહિત કાર્યકર હાજર રહ્યાં હતાં.

## ધરાઈ ગામના કારચાલકે અડફેટે લેતા દંપતીને ઈજા

અમરેલી,તા.૨૩

બાબરા તાલુકાના ધરાઈ ગામના દંપતી રાત્રીના પોતાના ગામ તરફ આવતા હતા ત્યારે એક કારચાલકે બેફિકરાઈભર્યુ વાહન ચલાવી બાઈકચાલકને હડફેટે લેતા દંપતીને ઈજા પહોંચતા સારવાર અર્થે ખસેડવામાં આવ્યા છે. બાબરાના ધરાઈ ગામે રહેતા ફરિયાદી જયસુખભાઈ જસાભાઈ મારૂ રાત્રીના નવ વાગ્યે મોવૈયા ગામથી પોતાની પત્ની સાથે બાઈક પર પોતાના ગામ ધરાઈ આવી રહ્યાં હતા ત્યારે એક અજાણ્યા કારચાલકે કાર બેફિકરાઈભરી ચલાવી ફરિયાદીની મોટરસાયકલ સાથે અથડાવી દેતા ફરિયાદીને મોઢાના ભાગે અને વાંસામાં ઈજા પહોંચી હતી તેમજ ફરિયાદીની પત્ની ઉજીબેનને હાથમાં ફ્રેક્ચર તેમજ માથાના ભાગે ગંભીર ઈજા થવાથી તાત્કાલિક સારવાર અર્થે ખસેડવામાં આવ્યા હતા.

## હનુમાનજી મહારાજ અને રામનાથ મહાદેવની છત્રછાયામાં બટુક ભોજનનું આયોજન

બાબરા,તા.૨૩



બાબરાના વતની અને હાલ સુરતમાં રહેતા રમેશભાઈ તાવેથીયા દ્વારા પૂનમે હનુમાનજી મહારાજ અને રામનાથ મહાદેવની કૃપાથી બટુક ભોજનનું આયોજન કરવામાં આવ્યું હતું. નોંધનીય છે કે દર પૂનમે આ આયોજન થાય છે જેમાં આ વખતે પૂનમના ભોજનના દાતા રમેશભાઈ છે. રમેશભાઈના સુપુત્ર ચિ. રવિભાઈને ત્યાં પુત્રનો જન્મ થતા આનંદમાં આ ભોજનમાં ફૂલ ડીશ, રસ પૂરી, શાક અને જમણવાર પીરસવામાં આવ્યું હતું. રમેશભાઈ બાબરાના અમરાપરા ગામમાં અનેક વિકાસના કાર્યોમાં સક્રિય ભાગ લઈ ઉમદા કાર્યો કરે છે.

## જૂનાગઢ-અમરેલી પેસેન્જર ટ્રેનના લોકો પાયલોટે બે સિંહને બચાવ્યા

અમરેલી,તા.૨૩

અમરેલી જિલ્લામાં રેલવે ટ્રેક પર સિંહોના મોતની ઘટનાઓ ભુતકાળમાં બનવા પામી છે જો કે આ બાબતે હાઈકોર્ટે પણ ટ્રેનની ઝડપ જંગલ વિસ્તારમાં ધીમી રાખવાનુ કહેતા લોકોપાયલોટની સતર્કતાથી સિંહોના જીવ બચવા પામ્યા છે. ભાવનગરના ડીસીએમ માશૂક અહમદના જણાવ્યા મુજબ ગત શનિવારના રોજ જૂનાગઢ-અમરેલીની પેસેન્જર ટ્રેનના લોકો પાયલોટે ચલાલા-ધારી વચ્ચે બે સિંહોને રેલવે ટ્રેક ઓળંગતા જોતા તાત્કાલિક ઈમરજન્સી બ્રેક લગાવી ટ્રેનને અટકાવી હતી. જેના કારણે બંને સિંહોના જી બચી ગયા હતા. સિંહો રેલવે ટ્રેક ઓળંગ્યા બાદ ટ્રેનને સ્ટેશને લઈ જવામાં આવી હતી. આ માહિતી લોકો પાયલોટે ટ્રેન મેનેજર અને ડિવિઝનલ ઓફિસ કંટ્રોલને આપી હતી.



Jitendra Sanghani
Cell : 98254 22922
MARUTI SUZUKI
મારૂતિ સુઝુકી સર્વિસ સ્ટેશનનું એકમાત્ર સ્થળ તથા
સંપૂર્ણ આધુનિક સુવિધા સાથેનો વિશ્વાસપાત્ર અને અનુભવી સ્ટાફ
કારકેર સેન્ટર
(Maruti Authorised Workshop)





વ્હીલ એલાઈમેન્ટ,વ્હીલ બેલેન્સીંગ, મીકેનીક કામ,
રીપેરીગ, વોશિગ તેમજ સર્વિસ કરી આપનાર
ચકકરગઢ રોડ, અમરેલી-૩૬૫ ૬૦૧
ફોન: ૦૨૭૯૨ ૨૨૦૦૯૯, E-mail: carcarerushi@rediffmail.com




નવનીત ઓટો સેન્ટર
ગોપી સિનેમા પાસે, સ્ટેશન રોડ,
અમરેલી ફો.૭૫૭૪૮૨૭૩૦૦

મુકેશ સંધાણી 94281 45595
New Number 97230 67130
હર્ષદ સંધાણી 98242 33314
હાઈડ્રોલીક લીફ્ટ નંગ - ૨ વેચવાની છે સંપર્ક કરો
અમારા માટે કોઈ કામ નાનું કે મોટું નથી
ઓલ મેજર એન્ડ માઈનોર રીપેર જોબ
ઓલ એકસીડેન્ટલ રીપેર જોબ • વ્હિલ એલાઈમેન્ટ– બેલેન્સીંગ
ઓલ મીકેનિકલ એન્ડ ઈલેક્ટ્રીકલ જોબ
સસ્પેન્શન ઓવરહોલીંગ • એસી જોબ • એન્જીન જોબ
હેડલાઈટ બાર્ફિંગ જોબ • ઈન્ટીરીયર વોશિંગ
વોશિંગ એન્ડ કલીનીંગ • ઈન્શ્યુરન્સ પોલીસી
શું કામ તમે અમારી સર્વિસ પસંદ કરશો ?



વ્યાજબી ભાવ
શ્રેષ્ઠ ગ્રાહક સેવા
ગુણવતાયુકત કામ
પ્રોફેશનલ અને સ્કીલડ ટીમ
મુકેશ મોટર ગેરેજ Info.mmgamr.gmail.com
C/O પટેલ ગેરેજ, ચકકરગઢ રોડ, અમરેલી, મો. ૯૪૨૮૧ ૮૭૪૭૯



## બેન્કોમાં લોન લેવા માટે અધિકારીઓ ધ્યાન આપતા નથી ફરિયાદો ઉઠે છે, જયારે મંડળીઓમાં લોન લેવી સરળ બને છે

# જિલ્લામાં રાષ્ટ્રીયકૃત-ખાનગી બેન્કોને હંફાવતી સહકારી મંડળીઓ

## સહકારી મંડળીઓમાં ૭ થી ૧૨ ટકા સુધી ફિકસ ડીપોઝીટ પર વ્યાજ, લોન લેવામાં સરળતા

**મયુર પંડયા**

અમરેલી,તા.૨૩

રાજયમાં સહકારી મંડળીઓનું ફલક ખૂબ જ વિશાળ છે. આમ કોઈપણ ક્ષેત્રમાં ગ્રામલોકો ભેગા થઈ નહીં નફો નહિ નુકસાનના ધોરણે ૧૧ વ્યક્તિઓ મંડળીની રચના કરી શકે. હાલમાં ગુજરાતમાં આવી ૮૫,૦૦૦ જેટલી સહકારી મંડળીઓ નોંધાયેલી છે. સહકારી મંડળીઓના વ્યાપક ફલક પર રાજ્યની સુગર ફેક્ટરીઓ, દૂધ ઉત્પાદક મંડળીઓ, પ્રાથમિક કૃષિ ધિરાણ મંડળીઓ, શરાફી સહકારી મંડળી, હાઉસિંગ સોસાયટી, હાઉસિંગ સર્વિસ સોસાયટી વગેરે હોય છે. દૂધ અને સેવા મંડળીઓ જેવા મોટા ભાગના સહકારી ક્ષેત્રે ત્રિસ્તરીય માળખું હોય છે. જેમકે દૂધના સહકારી માળખા પર એક નજર કરીએ તો ગ્રામસ્તરે દૂધમંડળીઓ આવેલ છે. જે દૂધનું ઉત્પાદન કરે છે. તેની ઉપરના સ્તરે જીલ્લા દૂધસંઘો કે ડેરી હોય છે. દૂધના સહકારી પ્રશાસનમાં જીસીએમએમએફ (ગુજરાત કો-ઓપરેટિવ મિલ્ક માર્કેટિંગ ફેડરેશન) રાજ્ય સ્તરે કાર્ય કરે છે. જે અમુલ બ્રાન્ડ હેઠળ દૂધનું દેશ-વિદેશમાં વિતરણ કરે છે.અન્ય રાજ્યની સાપેક્ષે ગુજરાતમાં સહકારી મંડળીઓનું સેક્ટર ખુબ મોટું અને સફળ છે. દૂધમાં સહકારી મંડળીઓની સફળતાના કારણે ગુજરાતને ભારતનું ડેન્માર્ક તરીકે ઓળખવામાં આવે છે. આ સફળતા પાછળના ઘણા કારણો પૈકી એક સબળ અને સક્ષમ સહકાર વિભાગ છે. આવા તમામ ક્ષેત્રે સંસ્થાઓની સ્થાપના કરવી, નિયમન કરી તેને સહકારના ૭ સિધ્ધાંતોને આધારે ચાલે તેવું નિયંત્રણ રાખવું. અને નબળી પડે ત્યારે સંસ્થા બંધ કરવી આ તમામ ભૂમિકા રજીસ્ટ્રારે ભજવવાની હોવાથી તેમને સહકારી મંડળીઓના બ્રહ્મા, વિષ્ણુ અને મહેશ તરીકે ઓળખવામાં આવે છે.આ સમગ્ર તંત્રમાં જિલ્લા રજીસ્ટ્રારની ભૂમિકા પર મળેલ માહિતી મુજબ વિશેષ વાત કરીએ તો વર્ગ-૧માં નિમણૂક મેળવેલ આ કેડરના અધિકારી કોઈ એક જિલ્લો કે એકથી વધુ જિલ્લાના ચાર્જના કાર્યકર્તા હોય છે. આ હુકુમતક્ષેત્રમાં નોંધાયેલ તમામ સહકારી મંડળીઓનું નિયમન ડી.આર. (ડિસ્ટ્રીક્ટ રજીસ્ટ્રાર) કરે છે. સભાસદોની ફરિયાદો સામે સંતોષકારક પગલાં લેવા વગેરે તેમની મુખ્ય કામગીરી છે. ખાસ કરીને નવી સહકારી મંડળી રચવા કોઈ અરજદાર આવે તો તેને યોગ્ય પ્રક્રિયાનું માર્ગદર્શન આપી મંડળીની નોંધણી કરાવવી. તેને કાયદાનુસાર સમિતિ રચવા, ચૂંટણી યોજવા માર્ગદર્શન આપી કાનુનનું પાલન કરાવવું વગેરે મુખ્ય ભૂમિકા છે. બેન્કીંગ સેક્ટર અન્વયે જિલ્લા મધ્યસ્થ સરકારી બેન્કો તથા નાગરિક સહકારી બેંકોની સામાન્ય દેખરેખ તથા નિયંત્રણની કામગીરી કરવાની હોય છે જો પ્રાઈમરી કો-ઓપરેટિવ ક્રેડિટ સોસાયટી કે સહકારી બેન્ક ફડચામાં જાય તો તેના લિક્વિડેશનની કાર્યવાહી પણ રજીસ્ટ્રારના દેખરેખ હેઠળ ચાલે છે.

### સહકારથી સમૃધ્ધિ તરફ

★ પ્રાઈવેટ કે વ્યાપારી બેન્કો પોતાના ગ્રાહકોને લાંબી અને અઘરી પ્રક્રિયામાંથી પસાર થઈને ઉંચા વ્યાજ દરે લોન આપવામાં આવે છે. જયારે સહકારી સંસ્થાઓમાં સભાસદોએ મુકેલી તેની મૂડી ઉપર અન્ય વ્યાપારી બેન્કો કરતા ઓછા વ્યાજદરે લોન આપે છે. જે ભારતીય સંસ્કૃતિની ''વસુધેવ કુટુંબકમ''ની ભાવના ઉપર આધારીત શોષ વિહીન સમાજનુ નિર્માણ કરે છે.

★ વિશ્વમાં આર્થિક કટોકટીના માહોલમાં વ્યાપારી બેન્કો ઘણી વખત ડિફોલ્ટર જાહેર થવાની સંભાવના રહેલી હોય છે. જેનાથી ગ્રાહકોનું હિત જળવાતુ નથી. જયારે વૈશ્વિક આર્થિક કટોકટી ભરેલા મંદીના માહોલમાં પણ સહકારી સંસ્થા અડીખમ ઉભી રહે છે તેમજ સહકારી સંસ્થા સ્થિરતા, સંગીનતા, વિકાસશીલતા સાથે કાર્ય કરે છે.

★ ખાનગી અને વ્યાપારી બેન્કોમાં ગ્રાહકો બેન્કની સેવા મેળવવા માટે ઉચ્ચ અને હિડન ચાર્જિસની ચુકવણી કરતા હોય છે. જયારે સહકારી સંસ્થાઓમાં સભાસદોને ઓછા ચાર્જિસમાં સારી ગુણવત્તાયુકત સેવાઓ પુરી પડાય છે.

★ વ્યાપારી બેન્કો મોટા ભાગે આર્થિક સધ્ધરતા ધરાવતા વ્યક્તિઓને જ નાણાકીય સેવાઓ પુરી પાડતી હોય છે. જયારે સહકારી સંસ્થામાં જે-તે વિસ્તારના નાના કારીગરો, વેપારીઓ, મહિલાઓ વગેરેને નાના પાયાના ઉધોગ ધંધા માટે સરળતાથી ધિરાણ મળી રહેતું હોય છે. ગ્રામ્ય અને નગરોમાં આર્થિક પ્રવૃતિને વેગ મળશે. જે ગરીબી, બેકારી અને આવકની સમાનતાથી ધિરાણ મળી રહેતા ગ્રામ્ય અને નગરોમાં આર્થિક પ્રવૃતિને વેગ મળશે. જે ગરીબી અને આવકની સમાનતાની નાબૂદીમાં મદદ કરશે. જેનાથી શહેરી અને અર્ધ શહેરી વિસ્તારમાં નાગરીક બેન્કો સહકારીથી સમૃધ્ધિ દ્વારા સર્વોદયી સમાજ રચનાનું સ્વપ્ન સાકાર કરવામાં સહાય બને છે.

★ ખાનગી અને વ્યાપારી બેન્કોની માલિકી મોટાભાગે વ્યક્તિગત હોવાથી આર્થિક લાભો પણ વ્યક્તિગત થાય છે જયારે સહકારી બેન્કો લોકો દ્વારા લોકો માટે સ્થપાયેલી છે. જેમાં સભાસદો પોતાની સંસ્થા માનીને તેના સંચાલનમાં ભાગ લે છે. જેનાથી સભાસદોમાં લોકશાહીની ભાવના કેળવાય છે. જેનાથી માનવીય વર્તનના આર્થિક અને સામાજીક પાસાઓ સધ્ધર બને છે. યુવા સાહસિકો, સ્વાશ્રયી મહિલાઓ, સ્વનિર્ભર જૂથો, વરિષ્ઠ નાગરિકો વિગેરેના ધિરાણ વૈવિધ્યકરણને કેન્દ્રમાં રાખતી વિશિષ્ટ યોજનાઓનું ઘડતર કરી છુટી છવાયી વ્યક્તિઓને સહકારની ભાવના હેઠળ લાવી તેનો ઉત્કર્ષ સાધવાનો છે તેમજ ભરતના બંધારણમાં રહેલ સમાનતાની પોષક તરીકે સહકારી સંસ્થા કામ કરે છે.

★ ખાનગી બેન્કો આર્થિક નફાના કેન્દ્રને રાખી કામ કરે જયારે સહકારી સંસ્થાનો મુખ્ય ધ્યેય સભાસદોને સરળ શરતો, વ્યાજબી વ્યાજનો દર, અને નિકટતાના પરિચયના કારણે કરજ ધિરાણક્ષેત્રે અને થાપણ વૃધ્ધિના ક્ષેત્રે કો.ઓપરેટીવ ક્રેડીટ સોસાયટીઓએ પ્રતિષ્ઠાપૂર્વક સ્થાન પ્રાપ્ત કરી લીધુ છે.

★ ખાનગી બેન્કો મોટાભાગે મેટ્રો સિટી અથવા મોટા શહેરોમાં કાર્યરત છે. જયારે સહકારી સંસ્થાઓ દેશના રીમોટ એરીયા, ગ્રામીણ વિસ્તારમાં કાર્યરત છે. જે સંસ્થાઓ ગ્રામ્ય વિસ્તારમાં આવેલી સહકારી સંસ્થા દ્વારા આપવામાં આવતી સેવાઓને લીધે ખેડૂતો, મહિલા તથા ગામડાના લોકોને સારૂ જીવન જીવવા માટે સરળતાથી નાણાં મળવાથી આર્થિક જીવનમાં સુધારો આવેલ છે.

### મંડળીઓ ફીકસ ડીપોઝીટ પર ૭થી ૧૨ ટકાનું વ્યાજ આપે છે

અમરેલી જિલ્લામાં ૯૦૦ ઉપરાંતની મંડળીઓ આવેલી છે. આ મંડળીઓ રાષ્ટ્રીયકૃત બેન્કો અને ખાનગી બેન્કોને હંફાવી રહી છે. જિલ્લાની અનેક મંડળીઓમાં ખાતેદારોએ ફીક્સ ડીપોઝીટ પર ૭ ટકાથી ૧૨ ટકા સુધીનુ વ્યાજ આપવામાં આવે છે. આ ડીપોઝીટની રકમથી દર વર્ષે મળતા વ્યાજને કારણે અનેક પરીવારો પોતાનુ ઘર પણ ચલાવી રહ્યાં છે. મંડળીઓના વ્યાજથી ખાતેદારોમાં પણ આનંદની લાગણી છવાઈ જાય છે.

### લોન માટે બેન્કો ધક્કા ખવડાવે છે

અમરેલી જિલ્લામાં મહિલા મંડળીઓ સહિત અનેક મંડળીઓ આવી છે. જો કે આ બાબતે લોકો જણાવી રહ્યાં છે કે, બેન્કમાં સામાન્ય રકમની લોન પણ લેવાની હોય ત્યારે બેન્ક કર્મચારીઓ લોનધારકને જવાબ આપતા નથી અને લોન લેવા માટે એટલા બધા દસ્તાવેજી પુરાવા માંગે છે કે લોન લેવી મુશ્કેલ થઈ જાય છે જયારે મંડળીઓમાં આ પ્રક્રિયા ખુબજ ઝડપથી થાય છે અને ઝડપથી લોન પણ મંજૂર થઈ જતી હોવાથી લોનનો યોગ્ય સમયે ઉપયોગ થઈ શકે છે.

### અમરેલી તાલુકામાં જ ૩૧૭ મંડળીઓ

અમરેલી જિલ્લામાં દિન-પ્રતિદિન મંડળીઓનો વ્યાપ વધતો જાય છે. જે લોકો માટે ખુબજ સારી બાબત છે. મંડળીઓમાં મામુલી રકમ ભરી સભ્યપદ મેળવી શકાય છે. અમરેલી તાલુકામાં જ વિવિધ મંડળીઓ મળી કુલ ૩૧૭ મંડળીઓ આવેલી છે ત્યારબાદ સાવરકુંડલામાં ૧૩૦ અને ધારી તાલુકામાં ૯૭ મંડળીઓ આવેલી છે.

### મંડળીમાં જાત જામીનગીરી પર લોનની સુવિધા : કીરીટભાઈ નળીયાધરા (ચેરમેન : સરદાર પટેલ શરાફી સહકારી મંડળી)

રાષ્ટ્રીયકૃત બેન્કમાં લોન લેવા માટે ખાતેદારો ભારે મુશ્કેલીનો સામનો કરે છે અને ઘણીવાર લોન માટે એટલા ધક્કા ખાવા પડે છે આખરે ખાતેદાર લોન લેવાનું જ માંડી વાળે છે ત્યારે આ બાબતે બગસરા સરદાર પટેલ શરાફી સહકારી મંડળીના ચેરમેન કીરીટભાઈ નળીયાધરા જણાવે છે કે, મંડળીમાં ખાતેદાર માટે લોન લેવી સહેલી છે. અમારી મંડળી સહિત ઘણી મંડળીઓમાં લોન જાતજામીનગીરી પર આપવામાં આવે છે.જયારે રાષ્ટ્રીયકૃત બેન્કો મોરગેજ કે મિલકત પર લોન આપે છે. ફિક્સ ડીપોઝીટ પર ૯% વ્યાજે લોન આપવામાં આવે છે. અને મંડળીમાં ૧૨થી ૧૫% ડીવીડન્ડ પણ ખાતેદારને મળે છે. દૈનિક બચત પર વાર્ષિક ૬% વ્યાજ આપવામાં આવે છે.જયારે જુના ખાતેદારો માટે લોનધારકને વગર નો ડ્યૂ સાથે લોન આપવામાં આવે છે. આમ, રાષ્ટ્રીકૃત બેન્કો અને ખાનગી બેન્કોની સરખામણીએ લોન સહિતની સુવિધાઓ ખુબજ સરળ છે.

### જિલ્લામાં એકમાત્ર અમરેલી જિલ્લા મધ્યસ્થ સહકારી બેન્ક

અમરેલી જિલ્લામાં સહકારી અગ્રણી દિલીપભાઈ સંઘાણીની કૂનેહ અને માર્ગદર્શન નીચે અમરેલી જિલ્લા મધ્યસ્થ બેન્ક હરણફાળ ભરી રહી છે. જિલ્લા બેન્કના ચેરમેન તરીકે દિલીપભાઈ સંઘાણી વર્ષોથી કાર્યરત છે. જિલ્લા મધ્યસ્થ બેન્કની કાર્યશૈલી રાષ્ટ્રીયકૃત બેન્કોને પણ પાછળ રાખે તેવી છે. ચેકબુક, એટીએમ સહિતની સુવિધા આપવામાં આ જિલ્લા મધ્યસ્થ બેન્કની સુવિધા અગ્રેસર છે. જે જિલ્લાના લોકો માટે ગર્વ લીધા જેવી વાત છે. અમરેલી જિલ્લા મધ્યસ્થ બેન્ક જિલ્લા રજીસ્ટ્રાર શાખામાં નોંધાયેલ છે. જિલ્લા બેન્ક ખાતેદારોને સુવિધા આપવામાં અવ્વલ નંબરે છે.

### મંડળીનો નફો સભાસદો વચ્ચે વહેંચાય છે : ગોરધનભાઈ ગેડીયા(ચેરમેન : ભોજલરામ શ.સ.મંડળી)

અમરેલી જિલ્લામાં સહકારી ક્ષેત્રનો વ્યાપ વધ્યો છે. રાષ્ટ્રીયકૃત કે ખાનગી બેન્કો કરતા સભાસદોને સહકારી મંડળીમાં વહીવટ કરવો સહેલો પડે છે. ભોજલરામ શરાફી સહકારી મંડળીના ચેરમેન ગોરધનભાઈ ગેડીયા જણાવે છે કે, બેન્કો નફો કરે તે સરકારમાં જમા થાય છે જયારે સહકારી મંડળી નફો કરે તો આ નફો સભાસદો વચ્ચે વહેંચવામાં આવે છે. બેન્કોમાં નાણા મુકવાથી મામુલી રકમનું વ્યાજ આપવામાં આવે છે જયારે મંડળીમાં ૧૦થી ૧૨% વ્યાજ આપવામાં આવે છે. મંડળીના ચેરમેનની નિમણૂંક સભાસદો જ કરે છે. આમ, બેન્કો કરતા મંડળીઓ સભાસદો માટે આશીર્વાદ સમાન છે.

### થાપણના અને ધિરાણના દર મંડળી નક્કી કરી શકે છે : રશ્વિનભાઈ ડોડીઆ(ચેરમેનઃ બગસરા ના. શ.સ.મંડળી)

અમરેલી જિલ્લા સહિત રાજયમાં સહકારી મંડળીની સ્થાપના અંગે બગસરા નાગરિક શ.સ.મંડળીના ચેરમેન રશ્વિનભાઈ ડોડીઆએ જણાવ્યુ હતું કે, ૧૦૦ વ્યક્તિ ઈચ્છે કે મંડળીની સ્થાપના કરવી છે તો મંડળીની સ્થાપના થઈ શકે છે. આરબીઆઈ નવી રાષ્ટ્રીયકૃત બેન્કોને સ્થાપના માટે મંજૂરી આપતી નથી. મહત્વની બાબત એ છે કે, થાપણના દર, ધિરાણના દર મંડળી નક્કી કરી શકે છે તેમજ મંડળીમાં કર્મચારીઓની ભરતી કરવાની સત્તા બોર્ડ ઓફ ડિરેક્ટરને છે તેમાં કોઈની મંજૂરી લેવાની જરૂરીયાત રહેતી નથી. લોન બાબતે મંડળીનું ભંડોળ ધ્યાનમાં રાખીને ૩૬ મહિનાની સમય મર્યાદામાં લોન આપી શકે છે. થાપણના વ્યાજ મુદ્દે બેન્કોમાં વ્યાજ પર ૨% ટીડીએસ કપાય છે જયારે મંડળીમાં થાપણના વ્યાજ પર કોઈ ટીડીએસ કપાતો નથી અને સભાસદને થાપણ સાથે વ્યાજની પુરેપુરી રકમ મળે છે.

### સહકારી મંડળીમાં લોન પર કોઈ છુપો ચાર્જ નહી : દિલીપ સંઘાણી



અમરેલી જિલ્લાના સહકાર શિરોમણી અને સહકારી આગેવાન દિલીપભાઈ સંઘાણી જણાવે છે રાષ્ટ્રીયકૃત કે ખાનગી બેન્કમાં લોન પર છુપો ચાર્જ લાગતો હોવાથી લોનધારકને લોન મોંઘી પડે છે. જયારે સહકારી બેન્કો કે મંડળીઓમાં કોઈ છુપો ચાર્જ નથી. ખાતુ ખોલાવવા માટે સહકારી બેન્ક કે મંડળીના કર્મચારી જ ફોર્મ ભરી દેતા હોવાથી અરજદારને ખાતુ ખોલાવવુ સરળ બને છે. તેમજ એક જૂના કિસ્સાને યાદ કરતા દિલીપ સંઘાણી જણાવે છે કે, સવારે જાન જવાની હતી ત્યારે એક પરિવારને યાદ આવ્યું કે ઘરેણા તો સહકારી બેન્કના લોકરમાં પડયા છે ત્યારે આ બાબતે મને ફોન આવતા જવાબદાર કર્મચારીને જાણ કરીને રાત્રીના બે વાગ્યે લોકર ખોલી પરિવારને ઘરેણા આપવામાં આવ્યા હતા આ બધુ સહકારી ક્ષેત્રમાં જ શક્ય બને છે.

### મંડળીનો વહીવટ સભાસદો દ્વારા જ થાય છે : જિલ્લા રજિસ્ટ્રાર

જિલ્લા રજીસ્ટ્રાર પટેલ જણાવે છે કે, સહકારી મંડળી તરીકે પ્રાથમિક ખેતીવિષયક ધિરાણ સહકારી મંડળીઓ ગુજરાતમાં લગભગ દરેક ગામમાં કાર્યરત છે. સહકારી મંડળીઓનો વહિવટ તેના જ સભાસદા દ્વારા થાય છે. આથી સભાસદોની જરૂરીયાત મુજબ ધિરાણ અને અન્ય પ્રવૃતીઓ કરી શકે છે. બેંકની સામે નહિવત પ્રકારના દસ્તાવેજની જરૂર રહે છે. ખાતેદારને લોન લેવા માટે ગ્રામ્ય કક્ષાએ જ ઓફિસ હોવાથી દુરના અંતરની બેંકના ધક્કા બચે છે. બેંકની સામે મોટભાગની સહકારી મંડળીઓ ઓછા દરે ધિરાણ કરે છે. સીબીલ સ્કોરની જરૂરિયાત રહેતી નથી. બેંકોથી વિપરીત સહકારી મંડળીઓનો નફો તે મંડળીના ગામમાં જ રહે છે. તથા મંડળીના સભાસદોને સીધોજ લાભ આપવા માટે વપરાય છે. ગ્રામ્ય કક્ષાએ રોજગારીનું સર્જન કરે છે. મોટાભાગની બેંકના ફોર્મ અંગ્રેજીમાં હોય છે. આથી અભણ ગ્રામજનો માટે તેની શરતો સમજવી અઘરી છે. તેની સામે મંડળીમાં ગુજરાતી હોય છે.



**ધારાસભ્ય કૌશિક વેકરીયાના સતત પ્રયત્નોથી**

# ખોડીયાર સિંચાઈ યોજનાની કેનાલ ૧૭ કરોડના ખર્ચે પાકી કરવા સરવે શરૂ

અમરેલી,તા.૨૩

અમરેલીના ધારાસભ્ય અને વિધાનસભાના નાયબ મુખ્ય દંડક કૌશિકભાઈ વેકરીયાએ વધુ એક લોકહિતનુ કાર્ય કર્યુ છે. જેમાં ખેડૂતોની રજૂઆતોને ધ્યાને લઈ તેમના માટે પાકી કેનાલ બનાવવા માટે સરકારમાંથી રકમ મંજૂર કરાવી છે. ધારી ડેમથી નીકળતી નહેર જે કેનાલ ખારા પાટ વિસ્તારના ૧૮ જેટલા ગામોને



સિંચાઈ દ્વારા પાણી પૂરું પાડવા માટે મંજૂર કરાવીને બનાવવામાં આવી હતી. આ કેનાલ કાચી હોવાથી પાણીનો ખુબજ બગાડ થતો હતો અને ખેડૂતોને સિંચાઈ માટે પૂરતું પાણી મળતું ના હતું. કેનાલ પાકી કરવા માટે ધારાસભ્ય કૌશિકભાઈ વેકરીયાને વારંવાર રજૂઆત કરવામાં આવતા આ બાબત ધ્યાનમાં લઈને કેનાલ પાકી કરવા માટે ૧૭ કરોડ રૂપિયા જેવી માતબર રકમ રાજ્ય સરકારમાંથી મંજૂર કરાવીને કેનાલ પાકી કરવા માટેનો સરવે પણ ચાલુ કરવામાં આવ્યો છે.

# ભાજપના પૂર્વ ધારાસભ્યની પંજાને મત દેવા અપીલનો વીડિયો વાયરલ

અમરેલી,તા.૨૩

અમરેલી લોકસભા સહિત સમગ્ર દેશમાં લોકસભાની ચૂંટણી યોજાઈ ગયા બાદ હવે પરીણામો પણ જાહેર થઈ ગયા છે પરંતુ પરીણામો જાહેર થયા બાદ હવે ભાજપનો આંતરિક વિખવાદ ઉડીને સામે આવ્યો છે. અમરેલી લોકસભાની બેઠક માટે ભાજપે જિલ્લા પંચાયતના પ્રમુખ ભરતભાઈ સુતરીયાને ટિકિટ આપતાની સાથે પૂર્વ સાંસદ નારણ કાછડીયાએ તો જાહેર મંચ પરથી લોકસભાના ઉમેદવારને થેન્ક્યૂ બોલતા પણ આવડતુ નથી તેવા ઉમેદવારને ટિકિટ આપવામાં આવી છે તેમ ખુલ્લેઆમ કહ્યુ હતુ તો હવે સા.કુંડલા ભાજપના પૂર્વ ધારાસભ્યનો એક વીડિયો વાયરલ થયો છે જેમાં પૂર્વ ધારાસભ્ય ખુલ્લેઆમ લોકસભામાં કોંગ્રેસના ઉમેદવાર જેની ઠુમ્મરને મત આપવા અપીલ કરી રહ્યાં છે. આમ, લોકસભાની ચૂંટણી બાદ ભાજપનો જૂથવાદ સપાટી પર આવ્યો છે.

# રાજુલા વન્યજીવોને બચાવનાર રેલવે સેવકો-ટ્રેકર્સનુ સન્માન

અમરેલી,તા.૨૩



તસવીર : બાબુ વાઢેળ

પાલીતાણા શેત્રુંજી વન્યજીવ વિભાગ દ્વારા સિંહના સંરક્ષણ માટે ટ્રેન દ્વારા અકસ્માત ન બને તેની કાળજી રાખનાર રેલવે સેવક અને ટ્રેકર્સની ઉત્કુષ્ટ કામગીરીની નોંધ લેવામાં આવી હતી. રાજુલાના રેલવે ટ્રેક પર વન્યપ્રાણી અકસ્માત નિવારવા માટે સુંદર કામગીરી કરનાર રેલ્વેસેવકો અને ટ્રેકર્સને એસીએફ અને આરએફઓના હસ્તે પ્રશંસા પત્ર આપી પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા. હાજર રહેલા વન અધિકારીઓએ ચોમાસા દરમિયાન રેલ્વેટ્રેક પર સિંહ અકસ્માત નિવારવા માટે સાવચેતી માટે શું પગલા ભરવા એ અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું હતુ તેમજ રેસ્કયૂ ટીમ અને સ્ટાફ દ્વારા કરવામાં આવેલી કામગીરીને પણ બિરદાવવામાં આવી હતી.

# વીજપડી ગામે સામાન્ય વાતમાં લોખંડના પાઈપ ઝીંકયા

ત્રણ ઈસમોએ માથામાં પાઈપ મારતા સારવારમાં ખસેડાયા

અમરેલી,તા.૨૩

સાવરકુંડલાના વીજપડી ગામે સામાન્ય વાતમાં લોખંડના પાઈપ મારતા પોલીસ ફરિયાદ નોંધાઈ છે. વીજપડી ગામે રહેતા ફરિયાદી હનીફભાઈ મામદભાઈ જોગીયાણીને અલ્તાફ ફકીરની સાથે છોકરાઓ બાબતે બોલાચાલી થયેલ હોય જો કે આ બાબતે સમાધાન થયેલ હોય ફરીયાદી અને આરોપી કાળુભાઈ તાજુભાઈ પોહરના સંબંધમાં મામા થતા હોય અને આજુબાજુમાં રહેતા હોય ત્યારે ફરિયાદીએ કે કહેલ આરોપીનો દિકરો અલ્તાફ ફકીરને ઘરે ન લાવે જેથી આરોપીને સારૂ નહી લાગતા ફરિયાદી ઘરે નહાતા હતા ત્યારે માથાના ભાગે લોખંડના પાઈપનો એક ઘા મારી દીધેલ તેમજ અન્ય આરોપી ઝાહીદ કાળુ પોહર અને જીનતબેન કાળુભાઈ પોહરે એક સંપ કરી આડેધડ માર મારતા ફરિયાદીએ ત્રણેય લોકો સામે સાવરકુંડલા રૂરલમાં પોલીસ ફરીયાદ નોંધાવેલ છે.

# લીલીયા મોટાના એકલેરા ગામે સર્વરોગ નિદાન કેમ્પ યોજાયો

લીલીયા,તા.૨૩

લીલીયા તાલુકાના એકલેરા ગામે વિશ્વ હિન્દુ પરિષદ અમરેલી સેવા વિભાગ અને લીલીયા પ્રખડ દ્વારા આયુષ્ય નિયામક અને આયુર્વેદિક અમરેલી વિભાગના સહયોગથી સર્વ રોગ નિદાન કેમ્પનું આયોજન એકલેરા હેલ્થ સેન્ટર ખાતે કરવામાં આવ્યું હતું. આ કેમ્પ એકલેરાના



સરપંચ રાજેશ્વરી રાજ્યગુરુના હસ્તે દીપ પ્રાગટ્ય કરી ખુલ્લો મૂકવામાં આવેલ આ કેમ્પમાં ૯૬ જેટલા લાભાર્થીઓએ લાભ લીધો હતો. જ્યારે અમરેલી જિલ્લા વિશ્વ હિન્દુ પરિષદના અધ્યક્ષ ઈતેશભાઈ મહેતા અને જયેશભાઈ રાજ્યગુરૂ ખાસ આ કેમ્પમાં ઉપસ્થિત રહ્યાં હતા. કેમ્પમાં ડો. ખોડીદાસ શુક્લા, ડૉ. કાર્તિક સોલંકી,સાગર જોષીએ સેવા આપી હતી. આ કેમ્પ ને સફળ બનાવવા જિલ્લા સેવા પ્રમુખ યુવરાજ સિંહના માર્ગદર્શન તળે લીલીયા પ્રખંડ મંત્રી દિનેશભાઈ સંગતાણી, ઉપાધ્યક્ષ ભરતભાઈ રાજ્યગુરુ, સહિતનાઓએ જહેમત ઉઠાવી હતી.

# રાજુલાના ચાંચ ગામે જુના મનદુઃખમાં યુવકને માર માર્યો

અમરેલી, તા.૨૩

રાજુલાના ચાંચ ગામે એક યુવકને જુના મનદુઃખમાં ત્રણ યુવકોએ એક સંપ કરી પાઈપ અને ઢીકાપાટુનો માર મારતા યુવકે ત્રણ લોકો સામે પોલીસ ફરિયાદ નોંધાવી છે. રાજુલાના ચાંચ ગામે રહેતા ફરિયાદી નિતેશભાઈ વજુભાઈ ધુંધરવાના મોટા બાપુના દિકરા સાથે આરોપી સતિષ લાલજી ચૌહાણ સાથે ભુતકાળમાં બોલાચાલી થઈ હતી. જેમાં ફરિયાદી મોટરસાયકલ લઈને પાનમાવો લેવા જતા આરોપી હસમુખ વિષ્ણુ ચૌહાણ, અર્જુન સોમાતભાઈ શિયાળે એક સંપ કરી ફરીયાદીને લોખંડનો પાઈપ વાસામાં મારી તેમજ ત્રણેય આરોપીઓએ આડેધડ ઢીકાપાટુનો માર મારતા આરોપીઓ વિરૂધ્ધ પીપાવાવ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે.

# લાઠીના હ.દેવળીયા ગામે દંપતીને ત્રણ શખ્સોએ માર માર્યો : સામસામી ફરિયાદ

આરોપીએ કુહાડી, પાઈપથી માર મારતા સારવારમાં ખસેડાયા

અમરેલી,તા.૨૩

લાઠી તાલુકાના હરસુરપુર દેવળીયા ગામે આરોપી જેસીબીથી માટી ભરતો હોય ત્યારે દંપતીએ રસ્તો રીપેર કરવાનું કહેતા આરોપીને સારૂ નહી લાગતા એક સંપ કરી ત્રણ ઈસમોએ દંપતી પર કુહાડી અને પાઈપથી હુમલો કરતા દંપતીને સારવાર અર્થે ખસેડવામાં આવ્યા છે. અમરેલી તાલુકાના હરસુરપુર દેવળીયા ગામે ફરિયાદી ચતુરભાઈ સાર્દુળભાઈ સોહલાએ પોલીસ ફરિયાદ નોંધાવી છે કે, આરોપી વિપુલ કડવાભાઈ સોહલા જેસીબી અને ટ્રેકટરથી માટી ભરતા હોય ત્યારે ફરિયાદી અને તેની પત્ની વાડીએથી ઘરે જતી વખતે આરોપી વિપુલને રસ્તો સરખો કરવાનું કહેતા આરોપીને સારૂ નહી લાગતા આરોપીએ તેના ભાઈ ભાવેશ અને તેના પિતાને બોલાવતા ત્રણેય લોકોએ એક સંપ કરી ફરિયાદીને કુહાડીનો એક ઘા મારી તેમજ લાકડીના ઘા મારતા દંપતીને હાથમાં ઈજાઓ પહોંચી હતી. ત્રણેય આરોપીઅફરિયાદીને જાનથી મારી નાખવાની ધમકી આપતા લાઠી પોલીસ સ્ટેશનમાં ફરીયાદ નોંધાઈ છે. તો સામા પક્ષે ફરિયાદી વિપુલ કડવાભાઈ સોયલાએ ફરિયાદ નોંધાવી છે કે, રસ્તા પર માટી પુરવણીનું કામ ચાલુ હોય ત્યારે આરોપી ચતુર સાર્દુળભાઈ સોયલાને ખેતીવાડીના રસ્તા પર પુરવણીનું કામ શું કામ કરો છે તેમ જણાવતા ફરિયાદીએ જણાવેલ કે તમારો રસ્તો પહેલા જેવો કરી દઈશ જે વાત આરોપીને સારૂ નહી લાગતા એક ફડાકો ઝીંકી દઈ બેફામ ગાળો આપતા પોલીસ ફરિયાદ નોંધાઈ છે.

# કોટડી ગામેથી યુવતી ઘરેથી ચાલી નીકળી

રાજુલા, તા.૨૩

રાજુલાના કોટડી ગામેથી એક યુવતી ઘરેથી ચાલી નીકળી હતી. જેની ઘણી શોધખોળ કરવા છતાં ભાળ ન મળતાં પોલીસને જાણ કરાઈ હતી. અરજણભાઈ ગીગાભાઈ મકવાણા (ઉ.વ.૫૮)એ જાહેર કર્યા મુજબ, તેમની પુત્રી દયાબેન (ઉ.વ.૧૯) ૧૬-૦૬-૨૦૨૪ના રોજ બપોરના સાડા અગિયાર વાગે ઘરેથી કોઈને કહ્યા વગર ક્યાંક જતી રહી હતી.

રાજુલા પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ એ.જી.સોલંકી વધુ તપાસ કરી રહ્યા છે.

# બાબરા-ચરખા રોડ વચ્ચે છકડો રીક્ષાની કાર સાથે અથડામણ

ફરિયાદીના પરીવારને મૂંઢ ઈજા પહોંચતા સારવામાં ખસેડાયા

અમરેલી,તા.૨૩

લાઠીના કેરીયા ગામે રહેતા એક પરીવારને છકડો રીક્ષાચાલકે ગફલતભરી ચલાવતા કારચાલક છકડો રીક્ષાની પાછળ અથડાતા કારમાં સવાર એક પરીવારને ઈજાઓ થતા સારવારમાં ખસેડાયા છે.

લાઠીના કેરીયા ગામે ફરિયાદી કરણભાઈ અજીતભાઈ વાઘેલા તેમના પત્ની અને સાસુ-સસરા તેમજ ફરિયાદીની દિકરીને રાજકોટ ડીવાઈન પ્લસ ચાઈલ્ડ કેર હોસ્પિટલમાં સારવાર કરાવી પોતાના ઘર તરફ આવી રહ્યાં હતા ત્યારે ચરખાથી બાબરા વચ્ચે શીવસાગર કોટેક્ષ જીન પાસે એક છકડો રીક્ષા હાઈ વે રોડ પર કોઈપણ પ્રકારનો સિગ્નલ આપ્યા વગર ડીવાઈડર ક્રોસ કરી ઘુસી જતા ફરીયાદીની કાર છકડો રીક્ષા સાથે અથડાતા કારમાં સવાર સભ્યોને મૂંઢ ઈજા પહોચતા છકડો રીક્ષા ચાલક વિરૂધ્ધ બાબરા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવેલ છે.

વી. કે. મોટર્સ
VK MOTORS
Giving you joy of Best Ride...
MARUTI SUZUKI | HONDA | TOYOTA | Ford | HYUNDAI
CAR SERVICE <> SPARE <> INSURANCE

તમામ પ્રકારની ગાડીનું રીપેરીંગ તેમજ કલેમ ઈન્સ્યોરન્સમાં રીપેરીંગ કરી આપવામાં આવશે. ઈન્સ્યોરન્સ કેશલેસ સુવિધા
તમામ પ્રકારના ઈન્સ્યોરન્સનું કામ કરી આપવામાં આવશે.
વિપુલ કાનપરીયા + ૯૧ ૯૯૨૪૨ ૫૭૯૮૧
લાઠી રોડ, બાયપાસ ચોકડી, યામાહા શો રૂમ સામે, અમરેલી.
e_mail : kanpariyavipul4025@gmail.com

## આજનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૮૦, તિથિ: ત્રીજ
તા. ૨૪-૦૬-૨૦૨૪, સોમવાર, સૂર્યોદય-૦૫:૨૪, સૂર્યાસ્ત-૦૭:૨૨, જૈન નવકારશી-૮-૧૦, નક્ષત્ર: ઉત્તરષાઢા

## દૈનિક રાશિફળ

તા.૨૪-૦૬-૨૦૨૪ સોમવાર

- મેષ:તમારી રચનાત્મક વિચારસરણીને પૂર્ણ કરવા માટે તમે દિવસભર સખત મહેનત અને ભાગદોડમાં રોકાયેલા રહેશો.
- વૃષભ: આજે સમૃદ્ધિનો દિવસ રહેશે, ઘરના પૂરા નહીં થયેલા કાર્યોથી અસ્વસ્થતા અનુભવી શકો છો. આવકના સ્ત્રોતમાં વધારો થશે.
- મિથુન: આજે પણ સંજોગો તમારા માટે અનુકૂળ બન્યા છે, પરંતુ બેદરકારીને લીધે તમે કોઈપણ કાર્ય યોગ્ય સમયે પૂર્ણ કરી શકશો નહીં.
- કર્ક: આજનો દિવસ સારો રહેશે, પરંતુ તમે ઉતાવળમાં ભૂલ કરી શકો છો. તેથી કોઈપણ કાર્ય વિચાર્યા પછી જ હાથમાં લેશો.
- સિંહ: આજનો દિવસ સાધારણ ફળદાયક રહેશે. જો તમે ધૈર્ય ગુમાવશો તો તમારા પરિવારના સભ્યો સાથે બિનજરૂરી દલીલો થવાની સંભાવના છે.
- કન્યા: આજનો દિવસ લાભકારક રહેશે.કાર્યસ્થળ પર કોઈ કાર્ય સમયસર કરવામાં આવશે નહીં, છતાં નાણાકીય લાભ ક્યાંકથી અચાનક બનશે.
- તુલા: આજે તમે શાંતિથી દિવસ વિતાવવાનું વિચારી રહ્યા છો, પરંતુ પરિવારના સભ્યો તમારી ઇચ્છાઓને પૂર્ણ કરવામાં અવરોધરૂપ બનશે.
- વૃશ્ચિક: નોકરી કરતા લોકો અધિકારીઓના વિપરીત વર્તનથી પરેશાન થઈ શકે છે. વ્યાવસાયિક ભાગીદારો સાથે તણાવ પેદા થઈ શકે છે.
- ધન: આજનો દિવસ મિશ્રિત ફળદાયી છે.જોબસીકર્સ અને ધંધાકીય લોકોએ કોઈપણ ભૂલની ભરપાઇ કરવા માટે તેમની દિનચર્યામાં ફેરફાર કરવો પડશે.
- મકર: આજે તમારું ધ્યાન કામ કરતા મનોરંજન તરફ વધુ આકર્ષિત થશે, જેના કારણે અનેક કાર્યો અધૂરા રહી શકે છે અથવા મોડા પૂરા થશે.
- કુંભ: આર્થિક સ્થિતિ ધીરે ધીરે સારી થઈ જશે. પાડોશીઓની નાની નાની બાબતોને અવગણો, પરિવારના સભ્યો પણ કોઈક કારણસર ગુસ્સે થશે.
- મીન: આજનો દિવસ તમારા માટે વિશેષ શુભ દિવસ છે. ઘરના વરિષ્ઠ લોકો તમારી વાત સાંભળશે અને સહકાર માટે આગળ આવશે.

# ધારીના હીમખીમડીપરામાં યુવતી ગૂમ થતા પોલીસને જાણ કરાઈ

અમરેલી,તા.૨૩

ધારીના હીમખીમડીપરામાં એક યુવતી પોતાના પરીવારને સુતા મુકી ઘરેથી ચાલી નિકળતા યુવતીના પિતાએ પોતાની દિકરી ગૂમ થઈ હોવાની ધારી પોલીસમાં જાણ કરતા પોલીસે તપાસ શરૂ કરી છે. ધારીના હીમખીમડીપરામાં ચંદુભાઈ ત્રીકમભાઈ બોલવાણીયા તેની પત્ની સાથે બપોરના ત્રણેક વાગ્યે ઘરે સુતા હતા ત્યારે તેની દિકરી ધર્મિષ્ઠા ગત તા.૧૮ના રોજ કોઈને કહ્યા વગર ઘરેથી ચાલી નિકળતા યુવતીના પિતાએ ધારી પોલીસ સ્ટેશનમાં દિકરી ગૂમ થઈ હોવાની ફરીયાદ નોંધાવી છે.

## અવસાન નોંધ

**બાબરા**

સ્વ. નારાયણભાઈ ગાંડાભાઈ રાખોલીયાનું તા. ૨૩-૬-૨૪ના રોજ દુ:ખદ અવસાન થયેલ છે. તે બાબરા તાલુકા ભાજપ પ્રમુખ અશોકભાઈ રાખોલીયા તથા પી.આઈ. પ્રવિણભાઈ રાખોલીયાના પિતાશ્રી થાય છે.

**બગસરા**

ગં. સ્વ . શારદાબેન મોહનલાલ ઠાકર ઉ. વ. ૯૦નું તા.૨૨ ના રોજ અવસાન થયેલ છે. તે નરેન્દ્ર, પ્રવીણ, કનક, અમરીશના માતૃશ્રી તથા ડો. સિદ્ધાર્થ, ઋત્વિક, દેવ, માનસીના દાદી તથા પ્રકાશ, પરેશના મોટા બા થાય છે. તેમનું બેસણું તારીખ ૨૪ ને સોમવાર સાંજે ૪ થી ૬ તેમના નિવાસસ્થાન સી-૨૭, એસ કુમાર રેસીડેન્સી, જુનાગઢ રોડ જેતપુર ખાતે તેમજ તારીખ ૨૭ ને ગુરુવારના રોજ સાંજના ૪ થી ૬ બ્રહ્મસમાજ બગસરા ખાતે રાખેલ છે.

KAKA® PVC PROFILE
શ્રેષ્ઠ ક્યારેય સસ્તુ ન હોય, સસ્તુ ક્યારેય શ્રેષ્ઠ ન હોય.
નિર્મળ સાવલીયા ૯૮૭૯૬ ૬૭૭૭૧
સંજય સાવલીયા ૯૯૭૯૯ ૪૨૪૪૨
શ્રી વલ્લભ એન્ટરપ્રાઇઝ
કિચેન કેબિનેટ | માળીયા | ટી.વી. કેબિનેટ
વોલ પેનેલિંગ | સીલીંગ | પી.વી.સી. દરવાજા
ફાયદા : ઉધઈ પ્રુફ, પાણીનો કોઈ અસર નહિ
પીવીસી પતરા ઓર્ડર પ્રમાણે મળશે
ઓછા સમયમાં અસરકારક પ્રતિસાદ આધુનિક યુગનું એક આધુનિક પગલું
૪૬ સરદાર શોપિંગ સેન્ટર, જિલ્લા પંચાયત રોડ, અમરેલી




**તંત્રી લેખ**

## ઇઝરાયેલમાં પણ વિરોધ પક્ષોએ મોરચો માંડ્યો

ભારતમાં વિરોધ પક્ષોએ જેમ વડાપ્રધાન નરેન્દ્ર મોદીને હટાવવા માટે અનેક ધમપછાડા કર્યા પરંતુ કેન્દ્રમાં ભાજપની જ સરકાર આવી જોકે બહુમતી ઓછી મળી. પરંતુ તમામ વિરોધ પક્ષો એક થયા છતાં સત્તા પરિવર્તન કરી શક્યા નહીં. આવો જ કાંઈક સીન ઈઝરાયેલમાં અત્યારે ભજવાઈ રહ્યો છે. ઈઝરાયેલમાં બેન્જામિન નેતન્યાહુંને સત્તા સ્થાનેથી હાંકી કાઢવા માટે વિરોધ પક્ષો સક્રિય થયા છે.

ઈઝરાયેલ સેનેટના બહુમતી નેતા ચક શૂમરે કે જેઓ ઈઝરાયેલના કટ્ટર સમર્થક છે. એક ભાષણમાં ઈઝરાયેલીઓને શક્ય તેટલી વહેલી તકે ચૂંટણીઓ યોજવા હાકલ કરી હતી. જેથી કરીને વડાપ્રધાનને સત્તા સ્થાનેથી હાંકી શકાય. આ કોઈ નાની વાત ન હતી તેના પર પ્રતિક્રિયાઓ અપેક્ષા મુજબ હતી. જમણેરી યહૂદીઓએ કહ્યું કે, શૂમર દેશદ્રોહી છે. નેતન્યાહુએ કહ્યું કે, ઈઝરાયલ કોઈ બનાના રિપબ્લિક નથી અને શૂમરના રાજકીય વિરોધીઓએ કહ્યું કે, તે ડેમોક્રેટિક ડાબેરીઓ સાથે જોડાણ કરવા માટે બોલે છે. આ તમામ પ્રતિભાવો ખોટા છે. સાચો જવાબ એ પ્રશ્નના રૂપમાં જ આવી શકે કે, અમેરિકા અને નેતન્યાહુના સંબંધો એટલા વણસી ગયા છે કે શૂમર જેવી ઈઝરાયલની સુખાકારી માટે નિષ્ઠાપૂર્વક સમર્પિત વ્યક્તિએ કહેવું પડ્યું કે, ઈઝરાયલના લોકોએ કોઈ અન્યને ચૂંટવાનો પ્રયાસ કરવો જોઈએ. નેતન્યાહુની જગ્યાએ બીજું કોઈ. શુમરનું ભાષણ બુદ્ધિશાળી અને સંવેદનશીલ હતું, જેની પ્રશંસા ખુદ પ્રમુખ બાઈડેને કરી હતી. તેમણે કહ્યું કે, શૂમરે ઘણા અમેરિકનોની ચિંતાઓને અવાજ આપ્યો છે. આ પ્રશ્નોની અવગણના કરીને ઈઝરાયલ પોતાનું જ નુકસાન કરશે.

અમેરિકાના પોતાના નીતિ નિયમો છે. અમેરિકા જે કહે છે તેની અવગણના કરવાથી ઈઝરાયેલને કોઈ ફાયદો થયો નથી કારણ કે વર્તમાન પરિસ્થિતિમાં અમેરિકાના બીજા દેશો સાથેના સંબંધોમાં મોટું પરિવર્તન થયું છે આ પરિવર્તન સ્વીકારવું જરૂરી છે. મધ્ય પૂર્વને લઈને અમેરિકાની રાજનીતિ અને ભૂ-રાજનીતિમાં ઊંડો ફેરફાર થયો છે અને ગાઝા યુદ્ધ દ્વારા આ વધુ સ્પષ્ટ રીતે જાહેર થયું છે. તે આ પરિવર્તન છે, આ પ્રશ્નનો ઉકેલ દ્વિપક્ષી મંત્રણાા દ્વારા જ આવી શકે અને તે જ સાચો રસ્તો છે. અમેરિકા ઈચ્છે છે કે આ યુદ્ધ બંધ થાય અને નિર્દોષ લોકોના થઈ રહેલા મોત બંધ થાય તે જરૂરી છે. અમેરિકાનો અભિગમ માનવીય છે અને તે યુદ્ધ બંધ કરવા કોશિશ કરે છે પરંતુ ઈઝરાયેલ તેને ગણકારતું નથી પરિણામે વિરોધ પક્ષો સત્તા પરિવર્તન માટે પ્રયત્નશીલ બન્યા છે.

# એઆઈ ટેકનોલોજીનો સદ્ઉપયોગ માનવજીવનને વધુ સરળ અને સુખી બનાવવા માટે પણ થઈ શકે છે

**પ્રાસંગિક**
**સુરેશ દેસાઈ**

**આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્ટ સામે વિશ્વભરમાં એક પ્રકારનું નકારાત્મક વાતાવરણ ઉત્પન્ન થયું હોવા છતાં આ ટેકનોલોજી વિકાસના નવા આયામ ઉભા કરી શકવા સક્ષમ છે**

આજે મોટાભાગના ભણેલા ગણેલા માણસોને પણ આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્ટમાં ઝાઝી ગતાગમ પડતી નથી છતાં પોતે આ બાબતમાં નિષ્ણાંત હોય તે રીતે નિવેદનો આપી રહ્યા છે. એક નિવેદન એવું છે કે આ ટેકનોલોજી માનવતા માટે મોટું જોખમ છે. એઆઈ ટેકનોલોજી વાળા યંત્રમાનવો જ્યારે મેદાનમાં આવશે ત્યારે તહેલકો મચી જશે. પરંતુ સાથોસાથ તેનો સદ્ઉપયોગ કેવી રીતે કરવો તેની સમજ કંટ્રોલર પાસે હોવી જોઈએ તે જો ન હોય તો તેમાં મોટી મુશ્કેલીનું સર્જન થઈ શકે છે. એઆઈ ટેક્નૉલૉજી એક રીતે ભયાવહ લાગે છે, પરંતુ તમારા ખિસ્સાનો સ્માર્ટફોન એપોલો મિશનના ચંદ્ર-ઉતરાણ કરતાં વધુ ચડિયાતું સુપર કમ્પ્યુટર છે. તે તમને ડરાવતું નથી. એઆઈ સાથે પણ આવું જ હશે. એઆઈ સાધનો વિકસાવવા માટે ઉચ્ચ કૌશલ્યની જરૂર પડશે, પરંતુ તેનો ઉપયોગ કરવા માટે નહીં. પણ આ ટેકનોલોજી એક જોખમ પણ છે. એઆઈ ધરાવતી પરંતુ ડ્રોઈંગ કૌશલ્ય નહીં ધરાવતી વ્યક્તિ પણ યોગ્ય રેખાંકનો બનાવી શકે છે. એઆઈની મદદ ધરાવતો કોડર ૧૦ ગણા વધુ કોડ બનાવી શકે છે. એઆઈ દ્વારા બિનજરૂરી- ઊભા કરવામાં આવેલા ચિત્રકારો અને કોડ્ર્સનું શું થાય છે?

દરેક વ્યક્તિ જે એઆઈને કારણે નોકરી ગુમાવે છે તેને સર્જનાત્મક પ્રતિભાશાળી બનવાની જરૂર નથી જે નવી એઆઈ સક્ષમ આર્થિક તકો સાથે પાછો ફરી શકે છે. પણ પડકારોનો સામનો કરવા અને સફળ થવા માટે મોટી સંખ્યામાં સર્જનાત્મક મગજ જરૂરી છે. તે સર્જનાત્મક્તાના સામાજિક વિક્ષેપ, આઉટ ઑફ ધ બૉક્સ વિચારવાની ક્ષમતા સત્તાના આજ્ઞાપાલન માટે વિરોધી ગુણો માટે કહે છે. અસંમતિને કચડી નાખતી અને નાગરિકો પાસેથી અનુપાલનની માગણી કરતી સરમુખત્યારશાહીની રાજકીય સંસ્કૃતિઓ એઆઈના આક્રમણ પહેલાં ક્ષીણ થઈ જાય એવી શક્યતા છે, આ છતાં રાજકીય સંસ્કૃતિઓ કે જેઓ વ્યક્તિગત સ્વતંત્રતાને પ્રોત્સાહન આપે છે તે વધુ હાંસલ કરવા માટે એઆઈને પોતાના ગુલામ બનાવે છે. ચીનના માર્ગે નહીં જવા માટેની આ મજબૂત દલીલ છે.

ભારતમાં અત્યાર સુધીના અવલોકનો બતાવે છે કે ડિજિટલ ટેકનોલોજીને કારણે લોકોને રોજગારી વધુ મળી છે. એઆઈ આવ્યા પછી આની ઝડપ બમણી થઈ છે અહીં એક એવી દલીલ કરવામાં આવે છે કે નવી ટેકનોલોજી આવશે એટલે લાખો લોકોની નોકરી જશે પરંતુ જે લોકો પોતાની જૂની ઘરેડ પ્રમાણે ચાલશે, જૂની ટેકનોલોજીનો ઉપયોગ કરશે તો ચોક્કસ તેની નોકરી જશે પરંતુ જે જમાના સાથે કદમ મેળવશે તેની નોકરી જળવાઈ રહેશે. માત્ર નોકરી જળવાઈ રહે તે પૂરતું નથી પરંતુ તેની પ્રગતિ પણ થશે તે પણ એક હકીકત છે. ભારતના અત્યાર સુધીના પ્રગતિના આંકડા બતાવે છે કે એઆઈ સંબંધિત નોકરીઓ અન્ય ડિજિટલ ભૂમિકાઓ કરતાં બમણી ઝડપે વધી રહી છે, આનાથી સ્પષ્ટ થાય છે કે, કોઈ વ્યક્તિ એઆઈને કારણે નોકરી ગુમાવશે અથવા પહેલાં કરતાં વધુ મૂલ્ય મેળવવા માટે એઆઈનું દોહન કરશે એનો આધાર વ્યક્તિ પાસેના માનવીય કૌશલ્ય પર છે. કોઈ વ્યક્તિ માત્ર કોઈની સૂચનાઓ અનુસાર જ આગળ વધતી હોય તો શક્ય છે કે, તે એઆઈ સામે પોતાની નોકરી ગુમાવી બેસે. પોતે જે કરે છે તેના પર અંકુશ ધરાવતા લોકો પોતાની ઊપજ વધારવા એઆઈ સાધનો શોધી લેશે. એઆઈને વિકસાવવા માટે સ્માર્ટ કોડ લખવાનો, ભ્રામક્તા, પૂર્વગ્રહ અને સુસંગત વિશ્વસનીયતા માટેનાં પરિણામોનું પરીક્ષણ કરવાનો, એઆઈ સાધનોનું ઉત્પાદન કરવાનો અને તેના જેવી બાબતોનો સમાવેશ થાય છે. આનો અર્થ એ છે કે, ઉચ્ચ સ્તરની તે નોકરીઓ, ઉચ્ચ સ્તરનાં શિક્ષણ અને નવિનતા માટે હાકલ કરે છે. તે પરંપરાગત ઉત્પાદન, વ્યવસ્થાપક વહીવટ, માર્કેટિંગ, લૉજિસ્ટિક નોકરીઓ વગેરે વાજબી સંખ્યામાં નિર્માણ કરશે. એઆઈ મોટી સંખ્યામાં અદ્યતન કમ્પ્યુટિંગ ચિપ્સની માંગ કરશે, જે ઉત્પાદન પરિવહન, સર્વર ફાર્મમાં (ક્લાઉડ કમ્પ્યુટિંગ માટે) અથવા ઉપકરણોમાં કમ્પ્યુટિંગ ઈન- સીટયુ (એજ કમ્પ્યુટિંગ) માટેનો અવાજ બુલંદ કરશે. ક્લાઉડ કમ્પ્યુટિંગ કામ કરવા મોટા ડેટા મોકલવા માટે સક્ષમ અલ્ટ્રા-ફાસ્ટ નેટવર્ક્સની જરૂર છે. નેટવર્કને મૂકવું અને આવા નેટવર્ક્સ માટે માર્ગ બનાવવાનો અર્થ હજી વધુ પરંપરાગત નોકરીઓ એવો થાય છે. એક સમયે ડેટા મોકલવા માટે એલ્યુમિનિયમ અને કોપરના વાયરનો ઉપયોગ થતો હવે ફાઈબર ઓપ્ટિક્સનો ઉપયોગ થઈ રહ્યો છે જે ઝડપથી મોટા પ્રમાણમાં ડેટા મોકલી શકે છે. આનાથી કામ ઝડપી બન્યું છે, લોકોને રોજગારી મળી છે આમ છતાં એઆઈ સામાન્ય નોકરીઓ પર કેવી રીતે અસર કરશે અથવા તેમાં પરિવર્તન કરશે, એ વધુ મહત્ત્વની બાબત છે. એ સમજવા માટે બિન્જ કોપીલોટ પર જાવ અને તેને રામ મંદિરનું સ્કેચ દોરવાનું કહો અથવા હો ચી મિન્હની તરજ પર ખેડૂતોના વિરોધ માટે સૂત્રો લખવા માટે કહો. જે બહાર આવશે તે તમને આનંદિત અને સાવધ બન્ને કરશે. અનેક આકારમાં મંદિરોનાં ચિત્રો નકાર્યા પછી તમને હિન્દુ મંદિરની યોગ્ય છબિ મળે છે. જો એઆઈ સૂચનાઓને આધારે નવા ચિત્રો બનાવી શકાય. એઆઈ આવા ચિત્રો આપી શકે કે પળવારમાં આકર્ષક સૂત્રો બનાવી શકે તો શું આપણને પરંપરાગત ચિત્રકારો અને કૉપીરાઈટર્સની જરૂર છે ? શું એઆઈ મોટા પ્રમાણમાં નોકરીઓને ખતમ નહીં કરે? આ દલીલ પ્રથમ નજરે સાચી લાગે છે આ કોઈ નવી સમસ્યા નથી. દાખલા તરીકે મોબાઈલ ફોન આવવાથી એસટીડી અને પીસીઓ દૂર થયા. રેડિયો આવવાથી જે રીતે ગ્રામોફોન પણ દૂર થયા. ડીઝલ એન્જિન આવવાથી જે રીતે સ્ટીમ એન્જિન દૂર થયા અને ઈલેક્ટ્રિક એન્જિન આવવાથી ડીઝલ એન્જિન દૂર થયા આ વિકાસની એક પ્રક્રિયા છે તેને અટકાવી શકાય નહીં. વિકાસની સાથે ચાલવુ જરૂરી છે તેનો વિરોધ કરવાનો કોઈ અર્થ નથી. પરંતુ તેનો અર્થ સામૂહિક બેરોજગારી નથી. મોટર પરિવહને પોતાની રીતે જ નવી નોકરીઓનું સર્જન કર્યું અને સમગ્ર નવા ઉદ્યોગોને આવવા અને ખીલવા સક્ષમ બનાવ્યા, લાખો નવી નોકરીઓ અને અકલ્પનીય સમૃદ્ધિનું સર્જન કર્યું! એઆઈ દ્વારા કરવામાં આવેલ વિક્ષેપ તેના આર્થિક પતનમાં કોઈ અલગ હોવાની શક્યતા નથી.




# આપણી આસપાસનું પર્યાવરણ આપણા જીવનના સુખ-દુઃખનો હિસ્સો હોય છે







**મનન ચિંતન**
**ભરત બાવીશી**



આ સૃષ્ટિમાં સમાવિષ્ટ બધા સજીવો એકબીજા પર અવલંબિત હોય છે. એકબીજા સંકળાયેલ હોય છે અને એકબીજા પર નિર્ભર હોય છે. આપણી આસપાસનું પર્યાવરણ એ આપણા જીવનના સુખ-દુઃખમાં અસરકારક પરિબળ હોય છે. સજીવ સૃષ્ટિ એ જલચક્ર, આહાર અને વાતાવરણનો અંશ હોય છે. વાતાવરણમાં થતાં ફેરફારની સીધી અસર સજીવ સૃષ્ટિના જીવન પર થતી હોય છે. પ્રકૃતિની રચના જ એવી રીતે થયેલી હોય છે કે એક જીવ બીજા જીવ પર પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે આધારિત હોય છે. પ્રકૃતિનો નિયમ છે કે નાનો જીવ મોટા જીવનો શિકાર હોય છે. તૃણાહારી પ્રાણીઓ માંસાહારી પ્રાણીઓનો શિકાર હોય છે. અને માણસ એ મિશ્રાહારી પ્રાણી છે. તે શાકાહારી અને માંસાહારી બન્ને પ્રકારના હોય છે. સજીવ ચક્રમાં હજારો પ્રકારના નાના મોટા જીવો હોય છે. જમીન પર વસવાટ કરનારા અને પાણીમાં વસવાટ કરનાર અને ઉભયજીવી એટલે બન્ને જગ્યાએ વસવાટ કરનાર પ્રાણીઓ ઉપરાંત વાતાવરણમાં રહેલા અતિ સૂક્ષ્મ જીવો એટલે વાઈરસ અને બેક્ટેરિયા આ બધા જીવો આપણા જીવનમાં સુખ દુઃખ પર અસર કરતા પરિબળો છે. ઘણીવાર તો મોટા જીવો કરતા આવા સૂક્ષ્મ જીવો આપણા જીવનને સુખી કરવામાં ખૂબ મોટો ભાગ ભજવે છે. આમ મનુષ્યજીવનની સુખાકારીમાં જીવાવરણ, વાતાવરણ અને જલાવરણ ખૂબ જ મહત્વનો ભાગ ભજવે છે. માણસ પોતાની બુદ્ધિ અને વિશેષ આવડતથી પ્રકૃતિના તત્વોનો ઉપયોગ કરીને ભૌતિક સુખ સગવડ ઉભી કરી શકે છે. પણ એ સગવડ ક્યારે અગવડતાઓમાં ફેરવાઈ જાય એનું કંઈ નક્કી હોતું નથી. કોરોના અને પ્લેગ તથા મરકી જેવા રોગોના અતિ સૂક્ષ્મ વાઈરસ મહામારી લાવીને આખા વિશ્વની માનવ વસ્તીનું જીવન જોખમમાં મૂકી શકે એટલા તાકાતવર સાબિત થાય છે એ આપણે સૌ અનુભવ લઈ ચૂક્યા છીએ. આપણે સામાન્ય રીતે એવું માનીએ કે નાનો જીવ મોટા જીવનો શિકાર બને છે પણ અહીં નરી આંખે પણ ના જોઈ શકાય એવા જીવો મહાકાય પ્રાણીઓ અને પોતાની બુદ્ધિથી શક્તિશાળી એવા માનવને પણ નેસ્તનાબુદ કરી શકે છે એ હકીકત છે. આપણે દહી, બ્રેડ, પનીર, જલેબી, ઢોકળા જેવા ખોરાકના વ્યંજનો બનાવવા જે બેક્ટેરિયાનો ઉપયોગ કરીએ છીએ એ જ સૂક્ષ્મ જીવો ટાઈફોઈડ, કમળો, મરડો જેવા રોગ લાવીને આપણું આરોગ્ય બગાડીને આપણા દુઃખનું કારણ બને છે. એટલે મનુષ્ય તરીકે બે બાબતો આપણા મગજમાં કાયમ યાદ રાખવા જેવી છે કે આપણે આપણા સમકક્ષ કે આપણાથી તાકાતવર પ્રાણીઓને વશ કરી શકીએ પણ આપણી સરખામણીમાં એકદમ તુચ્છ એવા જીવાણુ સામે આપણે વામણા સાબિત થઈને હારી જઈએ છીએ. માટે આપણે આપણા બળ, બુદ્ધિ, શક્તિ, સમૃદ્ધિ કે સત્તાનું અભિમાન ક્યારેય કરવું જોઈએ નહિ. આપણે પ્રકૃતિનો એક હિસ્સો જ છીએ એટલે પ્રકૃતિના સ્વામી બનવાનો ક્યારેય પ્રયાસ કરવો જોઈએ નહિ. બીજી મહત્વની બાબત એ કે માત્ર આપણી સુખ સગવડતા ખાતર પ્રકૃતિના તત્વો કે ઘટકોનો બેફામ ઉપયોગ ટાળવો જોઈએ. નહિતર પ્રદૂષણ અને ગ્લોબલ વૉર્મિંગ આપણી ઉભી કરેલી તમામ ભૌતિક સગવડતાઓને નષ્ટ કરવા માટે ધરતીકંપ, પૂર, વાવાઝોડા કે ત્સુનામી સ્વરૂપે ત્રાટકે છે તેને રોકી શકવાની આપણામાં તાકાત હોતી નથી. જેરી જંતુનાશક દવાઓ વધુ શક્તિશાળી બીજા જંતુઓ ઉત્પન્ન કરવાનું કારણ બને છે, રાસાયણિક ખાતર લાંબા ગાળે ખેતી માટે ખતરો બની શકે છે. સ્વાદ માટે વપરાતા વિવિધ કેમિકલ સહિત આ બધું ભેળસેળયુક્ત બધી વસ્તુઓ મનુષ્ય સહિત તમામ સજીવોના આરોગ્ય માટે અતિ જોખમી છે. માટે પર્યાવરણનું જેટલું જતન થાય એટલું કરીશું તો જ લાંબાગાળે આપણે સૌ સજીવો સાથે મનુષ્યો પણ આપણું અસ્તિત્વ ટકાવી શકીશું. વધુ વૃક્ષ વાવીને, પાણી સહિત તમામ કુદરતી સંપદનો વિવેકપૂર્વક ઉપયોગ કરીને સૌ સજીવો સાથે તાલમેલ પૂર્વક જીવવાનો પ્રયાસ કરીશું તો જ સુખી રહી શકીશું. માટે આપણી આસપાસનું પર્યાવરણ એ જ આપણા સુખ દુઃખનો આધાર છે એ વાત સ્વીકારીને પર્યાવરણનાં જતન માટે આપણાથી શક્ય એટલા વધુમાં વધુ પ્રયત્નો કરીશું તો સમગ્ર સજીવ સૃષ્ટિ માટે ઉપયોગી યજ્ઞમાં આહુતિ આપવા જેવું પુણ્ય પ્રાપ્ત થશે. વંદે વસુંધરા!

# ખેત મજૂરની પુત્રવધુ જન પ્રતિનિધિ તરીકે જળ સંચયનું કેવું કામ કરે છે તે જોવા જેવું છે





**ઝાકળનું એક બિંદુ**
**હિરેન હિરપરા**



અમરેલી જિલ્લાનો ખાંભા તાલુકો એટલે ગીરનું નાકુ કહેવાય. જ્યાં સાવજોની ડણક પણ સંભળાય અને ખેડૂતો બળદગાડા લઈને ખેતર વાડીએ જતા હોય તો બળદોને એ મારો જાંબલો એ મારો મોરલો એવા આનંદના પડકારા પણ સંભળાય. ખાંભામાં જૈફ વયે પહોંચેલા કોળી સમાજના જીલુભાઈ ચાવડા રહે. છેલ્લા ૪૦ વર્ષથી વેપાર સાથે ખેતજણસ તોડવાનું કામ કરે.ગામડાઓમાં વેપારીઓ, ખેડૂતો પાસેથી કપાસ મગફળી જેવી જણસ રાખે એટલે ખેડૂતોના ઘેર અભણ પણ કોઠાસૂઝ અને પ્રમાણિક એવા જીલુબાપા કપાસ મગફળીના વજન કરતા હોય હાકલા કરે બાપા કાંટો જોઈ લેજો સામેથી ખેડૂતોના અવાજ આવે જીલુબાપા હોય ત્યાં કાંટો બરાબર જ હોય બાપા તમારા ઉપર વિશ્વાસ છે.

પોતાના સંતાનોને મજૂરી કરીને ભણાવ્યા આજે અરવિંદભાઈ ચાવડા એમએ એલએલબી સુધીનો અભ્યાસ કરીને સામાજિક અને રાજકીય ક્ષેત્રે કામ કરી રહ્યા છે. અરવિંદભાઈ ચાવડાના ધર્મપત્ની શ્રીમતી નીતાબેન ચાવડાએ બી.એ સુધીનો અભ્યાસ કર્યો છે. ગૃહિણી સાથે સ્ટેમ્પ વેન્ડર તરીકે કામગીરી કરી રહ્યા છે. નાનો ગરીબ અને અભણ માણસ સરકારની કોઈપણ યોજનાની માહિતી માટે આવે તો વિનામૂલ્યે ફોર્મ ભરી આપવું, સાચી અને પૂરતી માહિતી આપવી એટલું જ નહીં પણ ડોક્યુમેન્ટની ઝેરોક્ષ પણ વિનામૂલ્યે કરી આપવી. આઝાદીના ૭૫ વર્ષ પછી પણ રાજ્ય સરકાર અને કેન્દ્ર સરકાર ગામડાઓને બેઠા કરવા માટે પીવાના પાણીની વ્યવસ્થા, આરોગ્ય, શિક્ષણ, રોડ –રસ્તા, ગટર જેવી પ્રાથમિક સુવિધાઓ માટે નાણાંની ફાળવણી કરે છે. પરંતુ વાસ્તવિકતા એ જ રહી છે કે ૫૦૦ માણસોની વસ્તી ધરાવતા ગામોમાં આજે પણ સીસી રોડ પંચાયત કચેરી પાણીની પાઈપલાઈન અવેડા સ્મશાન જેવા કામો પૂરા થયા નથી ગુણવત્તા સાથેના કામો ઓછા દ્રશ્યમાન થાય છે. છતાં અધિકારીઓને ટકાવારી મળતી હોવાથી રામરાજ્ય છે.

આ બધી વિટંબણાઓ અને વિષમ સ્થિતિ વચ્ચે અમરેલી જિલ્લાના ખાંભા જિલ્લા પંચાયત સીટ સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં મહિલા અનામત તરીકે જાહેર થતાં શ્રીમતી નીતાબેન અરવિંદભાઈ ચાવડાએ જિલ્લા પંચાયતની ચૂંટણીમાં ઝંપલાવ્યું અને મતદારોના આશીર્વાદથી જીત મેળવી ત્યારે એક સાંજે પરિવાર વાળું કરવા બેઠો હતો એ સમયે જીલુબાપા બોલ્યા છોકરાઓ મેં રાત -દિ મજૂરી કરીને ભણાવ્યા છે ગરીબી જોઈ છે ગરીબી વેઠી છે પણ ખોટું નથી કર્યું. તમારે સુખી થવું હોય તો ખોટું ના કરતા પણ મહેનત કરજો જે લોકોએ મત આપ્યા છે એનું ભલું કરજો, બાકી બીજી વખત મત નહીં આપે.

આજે પણ ખાંભા પંથકના અનેક ગામડાઓમાં ઉનાળા દરમિયાન પીવાના પાણીની તંગી હોય છે. માત્ર ખેતી આધારિત આ વિસ્તારની સ્થિતિ દયનીય છે. એવા સમયે ગામડાઓના વિકાસના કામો તો થતા રહેશે પણ પીવાના પાણીની સમસ્યા અને ખેતીના કૂવા બોરમાં પાણી રહે તે માટે જરૂરી છે જળસંચય યોજના.

ગુજરાત રાજ્યમાં પૂર્વ મુખ્યમંત્રી કેશુભાઈ પટેલના સમયમાં લોકભાગીદારીથી ડેમ, તળાવો, ચેકડેમો બનાવવામાં આવ્યા ત્યાર પછી વોટર પ્યુરીફાયર મિનરલ વોટરની બોટલો પીતા અધિકારીઓ અને પદાધિકારીઓએ ઓફિસમાંથી બહાર નીકળવાનું માંડી વાળ્યું તેના પરિણામે આજે ભૂગર્ભ જળ રિચાર્જ યોજના ઝાંઝવાના જળ જેવી થઈ છે. જવા દો પ્રજાને પીડાવું હોય તો ભ્રષ્ટાચારીઓ થોડા ભૂખે મરે.

ધારાસભ્યો, સંસદ સભ્યો જિલ્લા પંચાયત તાલુકા પંચાયતના ચૂંટાયેલા જન પ્રતિનિધિઓને પોતાના વિસ્તારમાં વિકાસના કામ માટે દર વર્ષે ગ્રાન્ટો મળે છે. અથવા વિકાસલક્ષી આયોજનમાં કામો મંજૂર કરવામાં તેમની ભૂમિકા હોય છે. નાનપણમાં સાંભળેલી પેલી દલા તરવાડીની વાર્તા યાદ આવે છે હાલ ને વાડીએ આવ્યો છું માલિક નથી રીંગણીને પૂછીને જ બે રીંગણા લઈ લઉં, વાડી રે વાડી રીંગણા લવ બે ચાર, નારે લઈ લો દસબાર.એમજેમ કોન્ટ્રાક્ટરોની સાંઠગાંઠ હોય એમ ગ્રાન્ટ ફળવાય છે છતાં ગાંધીજીના વાંદરાની જેમ પ્રજાએ કંઈ જોયું નથી, મેં કંઈ સાંભળ્યું નથી, હું કંઈ બોલતો નથી. આ સ્થિતિ જાહેર છે છતાં પણ એક મહિલા જન પ્રતિનિધિ નક્કી કરે છે કે મારે મારા વિસ્તારનું ભલું કરવું છે ભલે એક કામ ઓછું થાય પણ કામો એવા કરવા છે જે લોક ઉપયોગી બને અને લાંબા ગાળા સુધી તેના ફાયદા જળ જમીન અને છોરુંને થાય.

જિલ્લા પંચાયતના સભ્ય તરીકે નીતાબેને વર્ષ ૨૦૨૧- ૨૨ માં જિલ્લા કક્ષા અને અન્ય ગ્રાન્ટોના ઉપયોગ સાથે ખાંભામાં બે ચેકડેમ બોરાળા અને કુંદીયા ગામે ચેકડેમ બનાવ્યા. એ જ રીતે વર્ષ ૨૦૨૨-૨૩ માં રાયડી, માલકનેશ- રાણીંગપરા ગામે બે ચેકડેમ બનાવ્યા વર્ષ ૨૦૨૩ -૨૪ માં ફરી રાણીંગપુરા ગામે બે ચેકડેમ, દાઢીયાળી અને ખાંભા ગામે ચેકડેમ બનાવ્યા અને ખડાધાર ગામે ચેકડેમ બનાવવા માટે ટેન્ડર પ્રક્રિયામાં છે. ભલે ગ્રાન્ટની મર્યાદા ઓછી હોય, ભલે નાના ડેમો બને પણ પાણી જમીનમાં રિચાર્જ થશે તો પીવાના પાણીની સમસ્યા હલ થશે. ઉપરાંત ખેતી જીવંત બનશે. આવા ઉમદા હેતુ સાથે એક સામાન્ય ખેત મજૂરની પુત્રવધુ જનસેવક બને અને પ્રજા કલ્યાણનું વિચારી શકે છે ત્યારે ખરા અર્થમાં જનસેવક તરીકે શ્રીમતી નીતાબેન અરવિંદભાઈ ચાવડાને અભિનંદન આપવા ઘટે. તેમનો મોબાઈલ નંબર ૯૪૨૭૪૨૭૬૪૨ છે.

## -:તિખારો:-

**આખો દિવસ પરિશ્રમ કરીને રાત્રે પરિવાર સાથે બેસીને મોજ મસ્તી કરી શકો એ જીવન, બાકી તમારું કર્મ પાછું વળીને તમને મળવા આવશે જ જ, ત્યારે ડર નહી પણ ગર્વ હોવો જોઈએ કશું ખોટું નથી કર્યું**

Printed and Published by Vasantbhai Bavabhai Movliya on behalf of Director Sanjog India News Private Limited. Printed at Sanjog Press, Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi, near bypaas Amreli -365601 and published at Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi near bypass amreli. Editor Vasantbhai Bavabhai Movliya
Resident Editor : N. B. Desai (Responsible for the selection of News Under PRB Act (c). phone : 02792-225225, RNI .No.:GUJ GUJ/2017/75270, Title code : GUJ GUJ 16801

# અઠવાડિક ખેતી કાર્યો

● ચોમાસુ મગફળી: દરિયાઈ વનસ્પતિ પ્રવાહી ખાતર ૩.૫% નો છંટકાવ વાવણી પછી ૧૫, ૩૦ અને ૪૫ દિવસે કરવો.

● મગફળીમાં ઘૈણ નિયંત્રણ માટે ફીપ્રોનીલ ૪૦ ટકા, ઈમીડાક્લોપ્રીડ ૪૦ ટકા અથવા થાયામિથોકઝામ ફીપ્રોનીલ ૧૦ લિટર પાણીમાં નાખી છંટકાવ કરવો.

● મગફળીનાં ઉગાવા બાદ પણ જો સુકારો દેખાય તો ટ્રાઈકોડ્ર્મા હારજીયમનું થડ પાસે ડ્રેન્ચીંગ કરવું.

● સૌ પ્રથમ પહેલો સારો વરસાદ થયા પછી સંધ્યા સમયે જમીનમાંથી નીકળીને ખેતરના શેઢા – પાળા પર આવેલા બાવળ, બોરડી, સરગવો, લીમડો વગેરે ઝાડના ડાળા હલાવી નીચે પાડી વીણાવી લઈ નાશ કરવો.

● કેળમાં જમીનમાં પૂર્તિનો મિક્ષર ગ્રેડ – V ૨૦ ગ્રામ પ્રતિ છોડ મુજબ આપવું અથવા જમીનમાં૪૦ ગ્રામ ફેરસ સલ્ફેટ તથા ૨૦ ગ્રામ ઝિંક સલ્ફેટ પ્રતિ છોડ આપવું.

ખેતી પાકોમાં જીવાત (કીટક)થી થતું નુકસાન ખેડૂતોને સહેલાઈથી નજરે પડે છે. જીવાતની વિવિધ અવસ્થાઓ (ઈંડાં, ઈયળ, બચ્ચાં, કોશેટા, પુખ્ત વગેરે)થી થતું નુકસાન, હગાર વગેરે નરી આંખે જોઈ શકાય છે. જયારે રોગ થવા માટે જવાબદાર રોગકારક / વ્યાધીજન નરી આંખે દેખાતા નથી. તેને જોવા માટે સૂક્ષ્મદર્શક યંત્રની જરૂર પડે છે. પરંતુ વનસ્પતિમાં તેનાથી ઉદ્દભવતા નુકસાનના લક્ષણોને આધારે જે તે રોગની ઓળખ થઈ શકે છે. ચોકકસ પ્રકારના લક્ષણોને આધારે જે તે રોગના ખાસ નામ આપવામાં આવે છે જેમ કે સુકારો, મૂળખાઈ, ગુંદરીયો, આંજીયો, ઝાળનો રોગ વગેરે. મોટા ભાગના કિસ્સામાં વનસ્પતિમાં જોવા મળતા આવા રોગના લક્ષણો લગભગ એકસરખા હોય છે. આવા લક્ષણો અને રોગકારકના જીવનક્રમને ધ્યાનમાં રાખી જે તે રોગના નિયંત્રણ માટે યોગ્ય પાક–સંરક્ષણના પગલાં સૂચવવામાં આવતા હોય છે. ખેતી પાકોમાં જોવા મળતા આવા ખાસ લક્ષણો વિષે ખેડૂતોમાં પ્રાથમિક જાણકારી હોવી જરૂરી છે.




ફેરોમેન ટ્રેપ: ઉપયોગ કરવાની રીત અને રાખવાની થતી કાળજીઓ

- સામાન્ય રીતે જીવાતની હાજરી અને મોજણી માટે ઓછામાં ઓછા પાંચ અને તેમનાં નિયંત્રણ માટે ૨૫ થી ૪૦ ટ્રેપ પ્રતિ હેક્ટરે જરૂર પડતી હોય છે.
- આ ટ્રેપ જે જીવાતના હોય તેના જ નર ફૂદાઓ આકર્ષાય છે.દા.ત. લશ્કરી ઇયળના ટ્રેપ હોય તો તેમાં તેના જ ફૂદા આવે, નહિ કે ગુલાબી ઇયળના ફૂદા.
- એક જ ટ્રેપ ઉપર જુદી જુદી જીવાતની લ્યુર (રબ્બરની ટોટી) લગાવવી નહિં. જો જરૂર હોય તો અલગ ટ્રેપનો ઉપયોગ કરવો.
- ટ્રેપમાં આવેલ લ્યુર (રબ્બરની ટોટી) એમની વેલીડિટી પ્રમાણે બદલવી.
- ટ્રેપ માં પકડાયેલ ફૂદા અઠવાડિયામાં બે વાર કાઢી નાશ કરતા રહેવું.
- એકલ-દોકલ ખેડૂત ટ્રેપ ગોઠવે તેના કરતા જે વિસ્તાર અને પાક પ્રમાણે સામૂહિક ધોરણે બધાં ખેડૂતો મૂકે તો પરિણામ સારૂં અને ઝડપી મળે છે.

● યુરિયા ખાતરની ક્ષમતા વધારવા માટે એક થેલી (૫૦ કિલો ગ્રામ) યુરિયામાં સલ્ફર યુકત પાવડર ૧-૨ કિલો ગ્રામ કે એરંડીનો ખોળ પાંચ કિલો પટ આપવાથી યુરિયાનો વ્યય અટકાવી શકાય છે. સામાન્ય રીતે યુરિયા ખાતર વાપરવાથી ૩૦ થી ૪૦ ટકા નુકસાન જતુ હોય છે.

● સેન્દ્રિય ખાતર નાખવાથી જમીનની ફળદ્રુપતા તથા રાસાયણિક ખાતરો તથા સૂક્ષ્મ જીવાણુ ખાતરોની ક્ષમતામાં વધારો થાય છે, અને છોડને મુખ્ય અને ગૌણ તત્વો ધીમે ધીમે અને લાંબા સમય સુધી મળે છે.

● વિષાણુજન્ય રોગનો ફેલાવો ચૂસિયાં પ્રકારની જીવાતો (સફેદમાખી, મોલો, તડતડીયાં, થ્રિપ્સ)થી થતો હોય જે તે પાકમાં યોગ્ય ભલામણ કરેલ શોષક પ્રકારના કીટનાશક (ડાયમીથોએટ, ફોસ્ફામીડોન, ઈમીડાકલોપ્રીડ, થાયોમેથોકઝામ, કલોથીયાનીડીન, એસીફેટ, એસીટામીપ્રીડ, ફલોનીકામીડ)નો જરૂર મુજબ છંટકાવ કરવો.

● પશુ આહારમાં અઝોલાનું મહત્વ.

● અઝોલા એક અદભુત શેવાળ છે. હાયડ્રોપોનીક ટેકનોલોજીની જેમ ખેડૂતો અઝોલાનો પણ પશુના ખોરાકમાં ઉપયોગ કરી શકે છે.

● જેને વન્ડર આલ્ગા તરીકે પણ ઓળખવામાં આવે છે.

● અઝોલા ખેતી માટે ખર્ચ ઘણો ઓછો છે.

● આ પદ્ધતિ માટે ભેજવાળું અને નિયંત્રિત તાપમાન જરૂરી છે.

● આ માટે ગ્રીન હાઉસ અથવા વૃક્ષોના છાંયડે પણ થઈ શકે છે.

● આપણા વિસ્તારમાં ગરમીનું પ્રમાણ વધારે હોય છે.

● આથી અઝોલાની ખેતી ચોમાસા અને શિયાળા દરમ્યાન (વાતાવરણનું તાપમાન ૩૦ ડિગ્રી સે. ગ્રે.થી ઓછુ હોય) કરવાથી ઉત્પાદન સારું મળે છે.




### વરીયાળી:

● જુલાઈના પ્રથમ અઠવાડિયામાં મગ અથવા ચોળીને ૯૦ સેમીના અંતરે આંતરપાક તરીકે વાવેતર કરી વરીયાળીને ઓગષ્ટના પ્રથમ પખવાડિયામાં ૧:૧ ની હાર વ્યવસ્થામાં ફેરરોપણી કરવાથી વધુ ઉત્પાદન અને ચોખ્ખો નફો મળવાની સાથે જમીનની ફળદ્રુપતા પણ સુધરે છે.



ડો. જી.આર. ગોહિલ
જૂનાગઢ કૃષિ યુનિવર્સીટી, જૂનાગઢ



### પાકમાં આવનાર ફૂગનું નિયંત્રણ કરો

### બ્યુવેરીયા બેસીયાના (સફેદ રોગકારક ફૂગ)

● આ ફુગ 'વ્હાઈટ મસ્કાર્ડીયન ફુગ' તરીકે પણ ઓળખાય છે. આ ફુગને પ્રયોગશાળામાં મોટા પાયા પર ઉછેરી શકાય છે અને તેથી વ્યાપારી ધોરણે તેનું ઉત્પાદન થઈ શકે છે. બજારમાં તે બાયોસોફ્ટ, બાયોગાર્ડ, લાર્વેસેલ, બાયોરીન, બાબા – બેઝીના, બાયોકેર, બાયોપાવડર, ડિસ્પેલ, બીયુશક્તિ, ટોકિઝનકિઝન, બેવેરોઝ, દમણ વગેરે જેવા જુદા જુદા વ્યાપારી નામે મળે છે. આ ફુગ પાકને નુકસાન કરતી ચુસિયા પ્રકારની જીવાતો અને ઈયળોનું નિયંત્રણ કરે છે. આ ફુગ પાન વાળનાર ઈયળ, ગાભમારાની ઈયળ, શેરડીના ફુદકુદીયા, મગફળીના સદેફ મુંડા, નાળિયેરીનું ગેંડા કીટક, હિરાફૂદાંની ઈયળ, કપાસની ગુલાબી ઈયળ, તમાકુ અને સૂર્યમુખીના પાન ખાનાર ઈયળ વગેરેનુ નિયંત્રણ કરે છે. આ જૈવિક કીટનાશક વેટેબલ પાઉડર અને પ્રવાહી સ્વરૂપે મળે છે. તેમાં પ્રતિ ગ્રામ / મિ.લિ. દીઠ ઓછામાં ઓછા ૨ x ૧૦૮ જેટલા સ્પોર હોવા જરૂરી છે. આ જૈવિક કીટનાશકનો ૪૦ ગ્રામ / મિ.લિ. પ્રતિ ૧૦ લિટર પાણીમાં મિશ્ર કરી છંટકાવ કરવાથી જીવાતનું નિયંત્રણ મેળવી શકાય છે.

### વર્ટીસીલીયમ લેકાની

● આ ફૂગ જીવાતના શરીરમાં ખોરાક સાથે અથવા શરીરના સીધા સંપર્ક દ્વારા પ્રવેશ મેળવી, યજમાનની દેહગૃહામાં બીજાણું તેમજ ઝેરી દ્રવ્યો ઉત્પન્ન કરે છે અને ચારથી પાંચ દિવસમાં જીવાત મૃત્યુ પામે છે. આ ફૂગ મુખ્યત્વે મોલો – મશી, સફેદમાખી, થ્રીપ્સ, ચીકટો, ભીંગળાવાળી જીવાત અને અન્ય ચુસીયા પ્રકારની જીવાતોનું નિયંત્રણ કરે છે. આ જૈવિક કીટનાશક વેટેબલ પાઉડર અને પ્રવાહી સ્વરૂપે મળે છે. તેમાં પ્રતિ ગ્રામ / મિ.લિ. દીઠ ઓછામાં ઓછા ૨ x ૧૦૮ જેટલા સ્પોર હોવા જોઈએ. સામાન્ય રીતે આ જૈવિક કીટનાશકનો ૪૦ ગ્રામ / મિ.લિ. ૧૦ લિટર પાણીમાં મિશ્ર કરી છંટકાવ કરવો.



### મેટારીઝીયમ એનીસોપ્લી (લીલી રોગકારક ફુગ)

● આ ફુગ જીવાતના શરીરમાં પ્રવેશ મેળવી ડીસ્ટ્રકસીન નામનું ઝેર ઉત્પન્ન કરે છે જે ઘણા પ્રકારની જીવાતના નિયંત્રણમાં અગત્યનો ભાગ ભજવે છે. યજમાન શરીર પર લીલા રંગની ફુગનો ઉગાવો જોવા મળે છે અને આ રોગ પામેલ જીવાત અન્ય જીવાતના સંપર્કમાં આવતા તેને પણ રોગ થાય છે. આ જાતિની ફુગને પ્રયોગશાળામાં ઉછેરી શકાય છે અને તેથી વ્યાપારી ધોરણે તેનું ઉત્પાદન થાય છે. બજારમાં તે મેટાસોફ્ટ, બાયોમેટ, બાયોસ્ટોર્મ, બ્રિગેડ – એમ, બાયોમેજીક, મેટાકેર, કાલીચક્ર, બાયોકીંગ વગેરે વ્યાપારી નામે મળે છે. આ પ્રકારની ફુગ મગફળીના પાન ખાનાર ઈયળ, નાળિયેરીના ગેંડા કીટક, ચોખાના બદામી ચુસીયા, શેરડીના વેધકો, હીરાફુદાંની ઈયળ, ચુસીયા પ્રકારની જીવાત વગેરેનું નિયંત્રણ કરે છે. આ જૈવિક કીટનાશક વેટેબલ પાઉડર અને પ્રવાહી સ્વરૂપે મળે છે. તેમાં પ્રતિ ગ્રામ / મિ.લિ. દીઠ ઓછામાં ઓછા ૨ x ૧૦૮ જેટલા સ્પોર હોવા જોઈએ. આ જૈવિક કીટનાશકનો ૪૦ ગ્રામ / મિ.લિ. ૧૦ લિટર પાણીમાં મિશ્ર કરી છંટકાવ કરવો.

# દેશી ગાયના છાણ અને ગૌમૂત્ર થકી પ્રકૃતિના મૂળભૂત સિદ્ધાંતો આધારિત, ઓછા ખર્ચે થતી ખેતી એટલે પ્રાકૃતિક ખેતી







## જીવાત નિયંત્રણ માટે

**૧) નિમાસ્ત્ર :** ૨૦૦ લિટર પાણી, ૧૦ લિટર દેશી ગાયનું ગૌમૂત્ર, ૨ કિલોગ્રામ દેશી ગાયનું છાણ, ૧૦ કિ.ગ્રા. કડવા લીમડાના નાના પાંદડા, કુમળી ડાળીઓ અથવા ૨૦ થી ૩૦ કિલો લીંબોળી ખાંડીને આ મિશ્રણને કોથળાથી ઢાંકી ૪૮ કલાક છાયડામાં રાખી સવાર સાંજ ૫-૫ મિનિટ માટે ઘડિયાળનાં કાંટાની દિશામાં હલાવવું ત્યારબાદ કપડાથી ગાળીને ઉપયોગ કરવો.

### સંગ્રહ ક્ષમતા : ૬ મહિના સુધી ઉપયોગમાં લઈ શકાય

**છંટકાવ :** પ્રતિ એકર ૨૦૦ લિટર ફક્ત નિમાસ્ત્ર. પાણી ભેળવવાનું નથી, પાણી ભેળવ્યા વગર સીધો જ છંટકાવ કરવો.

**૨) બ્રહ્માસ્ત્ર :** ૨૦ લિટર દેશી ગાયનું ગૌમૂત્ર, ૨ કિલોગ્રામ કડવા લીમડાના પાનની ચટણી, ૨ કિલોગ્રામ કરંજના પાનની ચટણી, કિલોગ્રામ સીતાફળના પાનની ચટણી, ૨ કિલોગ્રામ એરંડાના પાનની ચટણી, ૨ કિ.ગ્રા ધતુરાના પાનની ચટણી, ૨ કિલોગ્રામ બીલીપત્રના પાનની ચટણી આ પૈકી કોઈપણ પાંચ જાતની ચટણી લઈ આ મિશ્રણને ઢાંકી ધીમા તાપે એક ઉભરો આવે ત્યાં સુધી ગરમ કરીને ઠંડુ પડવા દેવું. ત્યારબાદ ૨ દિવસ સુધી સવાર-સાંજ ૫-૫ મિનિટ ઘડિયાળના કાંટાની દિશામાં હલાવવું પછી કપડાથી ગાળીને ઉપયોગ કરવો.

**સંગ્રહ ક્ષમતા :** ૦૬ મહિના સુધી ઉપયોગમાં લઈ શકાય

**છંટકાવ:** પ્રતિ એકર ૧૦૦ થી ૨૦૦ લિટર પાણી ૬ થી ૮ લિટર ૬ મહિના સુધી ઉપયોગમાં લઈ શકાય.

### 3) અગ્નિઅસ્ત્ર

૨૦ લિટર દેશી ગાયનું ગૌમૂત્ર, ૨ કિલોગ્રામ કડવા લીમડાના પાનની ચટણી, ૫૦૦ ગ્રામ તીખા મરચાની ચટણી, ૨૫૦ ગ્રામ દેશી લસણની ચટણી, ૫૦૦ ગ્રામ તમાકુનો પાવડર, ૫૦૦ ગ્રામ આદુની ચટણી, આ મિશ્રણને ઓગાળીને ઢાંકી ધીમા તાપે એક ઉભરો ભાવે ત્યાં સુધી ગરમ કરી ઠંડુ પડવા દેવું ત્યારબાદ ૨ દિવસ સુધી સવાર-સાંજ ૫-૫ મિનિટ માટે ઘડિયાળના કાંટાની દિશામાં હલાવવું પછી કપડાથી ગાળીને ઉપયોગ કરવો.

**સંગ્રહ ક્ષમતા :** 3 મહિના સુધી ઉપયોગમાં લઈ શકાય

**છંટકાવ:** પ્રતિ એકર ૧૦૦ થી ૨૦૦ લિટર પાણી, ૧ થી ૮ લિટર અગ્નિઅસ્ત્રનો છંટકાવ કરવો.

### ૪) દસપર્ણી અર્ક (બધા જ પ્રકારની જીવાત અને ફુગના નિયંત્રણ માટે સર્વોત્તમ) બનાવવાની રીત : પ્રથમ દિવસ :

૨૦ લિટર ગૌમૂત્ર તેમજ ૨ કિ.ગ્રા. તાજા છાણને ૨૦૦ લિટર પાણીમાં નાખી લાકડીથી બે કલાક છાંયડામાં કોથળાથી ઢાંકવું. આ મિશ્રણમાં ૫૦૦ ગ્રામ હળદરનો પાઉડર અને ૫૦૦ ગ્રામ આદુની ચટણી તથા ૧૦ ગ્રામ હીંગનો પાઉડર નાખી આ મિશ્રણને હલાવીને આખી રાત કોથળાથી ઢાંકવું.

**બીજો દિવસ :** ઉપરોક્ત મિશ્રણમાં સવારે ૧ થી ૨ કિલો તીખા મરચાની ચટણી, ૫૦૦ ગ્રામ દેશી લસણની ચટણી, ૧ કિલોગ્રામ તમાકુનો પાવડર નાખી લાકડીથી હલાવો અને આ મિશ્રણને કોથળાથી ઢાંકી દો.

**ત્રીજો દિવસ :** (અ) કડવા લીમડાના પાન સાથેની ડાળીઓની ચટણી, કરંજ, સિતાફળ, ધતુરો, એરંડા અને બિલિપત્ર આ ઉપરાંત (બ) નગોડ, તુલસીની માંજર સાથેના પાન અને ડાળીઓ, ગલગોટાનાં પંચાગ, કારેલા, બાવળના પૈડીયા, આંકડો, આંબા, જાસુદ, જામફળ, પપૈયા, હળદર, આદુ, કરેણ, દેશી રામ બાવળ, બોરડી, કુંવાડીયો, સરગવો, અર્જુન સાદડ, ઘા બાજરીયું (હાંડવેલ) અને ગળોની વેલના પાંદડા ઉપરોક્ત 'અ' માંથી કોઈપણ પાંચ અને 'બ' માંથી કોઈપણ પાંચ એમ કુલ દસ વનસ્પતિનાં પાંદડા દરેક વનસ્પતિના ૨ કિલોગ્રામ એટલે કે ૨૦ કિલોગ્રામ પાનની ચટણી બનાવી તેને બીજા દિવસે બનાવેલ મિશ્રણમાં ડૂબાડો અને ત્રીસથી ચાલીસ દિવસ વરસાદ અને સૂર્યના તાપથી દૂર રાખી રોજ ૫-૫ મિનિટ દિવસમાં બરોબર હલાવો.

**ઉપયોગ :** ૧૦૦ થી ૨૦૦ લિટર પાણીમાં ૬ થી ૮ લિટર દસપર્ણી અર્ક નાંખી તેને હલાવી સ્થિર થાય ત્યારે કપડાથી ગાળીને એક એકરમાં છંટકાવ કરવો, આ દસપર્ણી અર્ક છ મહિના સુધી વાપરી શકાય છે.

**ખાટી છાશ :** સાતથી દસ દિવસની ૧૦ લિટર ખાટી છાશને ૨૦૦ લિટર પાણીમાં ઓગાળી છંટકાવ કરવો, ખાટી છાશ એ ફુગનાશક, વિષાણુ નાશક, સંજીવક અને પ્રતિકારક શક્તિમાં વધારો કરનાર છે.

### ૫) ફુગનાશકો

**બીજામૃત :** ૫ લિટર દેશી ગાયનું ગૌમૂત્ર, ૫ કિલોગ્રામ દેશી ગાયનું છાણ, ૫૦ ગ્રામ ચુનો, ૧ મૂઠી ઝાડ નીચેની માટીને ૨૦ લિટર પાણીમાં મિશ્રણ કરી ૧૦૦ કિલોગ્રામ બિયારણને પટ આપવા માટે ૨૪ કલાક બાદ ઉપયોગમાં લો.

સંકલન અને આલેખન: જય મિશ્રા

### સુંઠાસ્ત્ર :

૨૦૦ ગ્રામ સુંઠ અથવા વાવડીંગ પાઉડરને ૦૨ લિટર પાણીમાં એટલુ ઉકાળો કે અડધું થયા બાદ ઠંડુ પાડો, બીજા વાસણમાં ૨ લિટર દૂધને ધીમા તાપે ઉકાળી મલાઈ કાઢી નાખવી. ૨૦૦ લિટર પાણીમાં ઉપરનો ઉકાળો અને દૂધ મીક્ષ કરી ૨ કલાક બાદ છોડ પર ઉપયોગ કરો. ખેડૂતોને જિલ્લામાં પ્રાકૃતિક ખેતી અંગે તમામ પ્રકારનું માર્ગદર્શન પ્રોજેક્ટ ડાયરેક્ટર (આત્મા), આત્માની કચેરી, ખેડૂત તાલીમ કેન્દ્ર, ચક્કરગઢ રોડ, પટેલ સંકુલની બાજુમાં, અમરેલી પિન ૩૬૫૬૦૧ ખાતેથી મળી શકે છે. ખેડૂતો કચેરીના સમય દરમિયાન ફોન નં.૦૨૭૯૨ ૨૨૦૫૬૨ પરથી માહિતી મેળવી શકે છે.

# આંબા, કેળ અને કાગદી લીંબુના પાકોમાં હાલની સમસ્યાઓ અને તેનું નિયંત્રણ



લુણાગરિયા રાધિકા જે., ભાદરકા ચાંદની આર., કણઝારીયા ડી.આર., પટેલ એચ.એન. અને હુંમર બી.વી.

વિકાસશીલ દેશોમાં ફળ પાકોની ખેતીનું મહત્વ વધ્યુ છે. પોષણ આહારની પૂર્તિ માટે, આર્થિક સ્થિતિ સુધારવા માટે, વિદેશી હુંડીયામણની દ્રષ્ટીએ, કૃષિ આધારિત ઉદ્યોગો વિકસાવવા માટે, રોજગારીની તકો માટે, વિવિધ પ્રકારની આબોહવા જમીન તથા ભૌગોલિક પરિસ્થિતિના ઉપયોગ માટે તથા પર્યાવરણની જાળવણીની દ્રષ્ટીએ ફળ પોકોની ખેતીનું મહત્વ ઘણુ છે. રાજયનાં છેલ્લા દસ વર્ષમાં ફળ પાકોના ઉત્પાદનનો વૃદ્ધિ દર ૧૫.૧ ટકા રહેલ છે. આપણા રાજયનાં કુલ ૩૭.૫૦ લાખ ખેડૂત કુટુંબો સીધી યા આડકતરી રીતે ખેતી વ્યવસાય સાથે સંકળાયેલ છે. દુનિયામાં ફળ ક્ષેત્રે ફળ ઉત્પાદન કરતા દેશોમાં ભારતનું બીજુ સ્થાન છે. ભારતમાં અદાજે ૬.૯૦ મીલીયન હેકટર વિસ્તારમાં ફળ પાકોની ખેતી થાય છે. જેમાંથી અંદાજે ૧૦૨.૯૨ મી. ટન ઉત્પાદન થાય છે. ગુજરાત રાજયમાં અંદાજે ૧૩.૮૦ લાખ હેકટર જમીનમાં બાગાયતી પાકોની ખેતી થાય છે જે પૈકી ૩.૫૦ લાખ હેકટર જમીનમાં ફળ વાવેતર થાય છે. આમ વધુ ખેડૂતો બાગાયતી ખેતી તરફ વળ્યા છે. ગુજરાતમાં ફળ પાકોના કુલ વિસ્તારનો લગભગ ૩૫ ટકા વિસ્તાર તો માત્ર આંબાના વાવેતર હેઠળ છે. જયારે કેળા ૧૭ ટકા, લીંબુ ૧૦ ટકા હિસ્સો ધરાવે છે. ગુજરાતનો સૌરાષ્ટ્ર વિસ્તાર કે જયાં ઘણા બધા કુદરતી પરિબળોની કઠણાઈ વચ્ચે પણ બાગાયતી પાકોની ખેતી માટે હરણફાળ ભરતો જાય છે. સૌરાષ્ટ્રનાં સાત જીલ્લાઓમાં અનિયમિત વરસાદ, મોળી પાતળી જમીન અને પીયતના પાણીમાં વધતા જતા ક્ષારના પ્રમાણ જેવા કુદરતી પરિબળો ઉપરાંત ખેડૂતોની આર્થિક નબળી પરિસ્થિતિ અને બાગાયતી પાકોના ઉત્પાદનની વેચાણ પ્રક્રિયાની નબળી વ્યવસ્થા સામે ઝઝૂમીને પણ સૌરાષ્ટ્રના ખેડૂતો બાગાયતી પાકો સારા એવા પ્રમાણમાં અપનાવી શકયા છે. સૌરાષ્ટ્રમાં ૦.૮૩ લાખ હેકટર વિસ્તારમાં ફળ પાકોની ખેતી થાય છે.



**આંબો:** વાવાઝોડાથી મોર તથા નાનાં ફળ ખરી પડતાં અટકાવવા તથા ગરમ લુથી રક્ષણ મેળવવા પવન અવરોધક વાડ કરવી જરૂરી છે. નવી રોપેલ કલમોને પણ રક્ષણ આપવું જરૂરી છે. પુખ્ત વયનાં ઝાડને પ્રતિ વર્ષ ૧૦૦ કિલો સેન્દ્રીય ખાતર આપવું અથવા લીલો પડવાશ કરવો. રસાયણિક ખાતરોમાં ચોમાસાની શરૂઆતમા ઝાડદીઠ બે કિલો એમોનિયમ સલ્ફેટ, એક કિલો સુપર ફોસ્ફેટ અને ૧.૨૫ કિલો મ્યુરેટ ઓફ પોટાશ આપવુ તેમજ ફેબ્રુઆરીમાં ઝાડદીઠ અઢી કિલો એમોનિયમ સલ્ફેટ અથવા તેનાથી અડધા પ્રમાણમાં યુરિયા આપી તરત જ પિયત આપવું. આંબાના પાકમાં કેરી વટાણા જેવડી થાય ત્યારથી પિયત આપવાનું ચાલુ કરવું, આમ છતાં કેરી ઉતારવાના પંદર દિવસ પહેલા પાણી બંધ કરવું જોઈએ. આંબામાં કેરી ફળના ખરણ અટકાવવા કેરી વટાણા જેવડી થાય ત્યારે બે ગ્રામ નેપ્થેલીક એસીટીક એસીડ (એન.એ.એ.) તથા ૨ કિલો યુરિયાને ૧૦૦ લિટર પાણીમાં ઓગાળી છંટકાવ કરવો અને બીજો છંટકાવ ૧૫ દિવસ બાદ કરવો. માલ્ફોરમેશનવાળા પુષ્પ ગુચ્છો તોડીને નાશ કરવો તથા કાપેલા ઠુંઠા ઉપર કારબેન્ડેઝીમ દવાનું પોતુ લગાડવું. આ ઉપરાંત ૧૦૦ લિટર પાણીમાં ૨૦ ગ્રામ એન.એ.એ. ઓગાળી ઝાડ ઉપર છંટકાવ કરવો. આંબામાં અનિયમિત ફળણ અટકાવવા માટે જે વર્ષે વધુ ફુલ આવ્યા હોય, તે વર્ષમાં એપ્રિલ તથા મે માસમાં ૧૦ પી.પી.એમ. ઝીબ્રેલીક એસીડ ૨ ટકા યુરિયાના દ્રાવણનો છંટકાવ કરવો. આ ઉપરાંત જુલાઈ માસમાં મોટી ઉંમરના ઝાડને પેકલોબ્યુટ્રાઝોલ ૫ ગ્રામ, ૧૪ થી ૧૫ લિ. પાણીમાં ભેળવી જમીનમાં ઝાડ ફરતે નાખવાથી વધુ અને નિયમિત ઉત્પાદન મળેલ છે. કેરી ઉતાર્યા પહેલા (૨૫-૩૦ દિવસ) પાણી બંધ કરી દેવું. બગીચામાં મધમાખીનો ઉછેર કરવાથી ફળણ ક્રિયામાં વધારો થાય છે.

**વાંધાજનક ટિપ્પણી કરતાં કહ્યું હતું કે આદિવાસીઓ હિન્દુ છું કે નહીં તે તેમના પૂર્વજોને પૂછે**

# રાજસ્થાનના શિક્ષણમંત્રીની આદિવાસી સમાજ વિશેની ટિપ્પણીને લઈ વિવાદ

(એ.આર.એલ),જયપુર,તા.૨૩

રાજસ્થાનના શિક્ષણમંત્રી મદન દિલાવરની આદિવાસી સમાજ વિશેની ટિપ્પણીને લઈને સમગ્ર રાજ્યનું રાજકારણ ગરમાયું છે. કોંગ્રેસ અધ્યક્ષ ગોવિંદ સિંહ દોટાસરા, ભારતીય આદિવાસી પાર્ટીના સાંસદ રાજકુમાર રોતે મદન દિલાવરના નિવેદનની આકરી ઝાટકણી કાઢતાં કહ્યું છે કે ભાજપે હવે આવી ટિપ્પણીના પરિણામ ભોગવવા પડશે. જોકે નિવેદન પર વધતાં વિવાદને જોતા મદન દિલાવરે સ્પષ્ટીકરણ આપ્યું હતું.

રાજસ્થાનના શિક્ષણમંત્રી મદન દિલાવરે આદિવાસી સમાજ અંગે વાંધાજનક ટિપ્પણી કરતાં કહ્યું હતું કે આદિવાસીઓ હિન્દુ છું કે નહીં તે તેમના પૂર્વજોને પૂછે. પેઢીનામું લખનારા લોકોને ન પૂછે કે તે કોણ છે? જો તે હિન્દુ નથી તો અમે તેમના ડીએનએ ટેસ્ટ કરાવીશું અને જાણીશું કે તે તેમના બાપની ઔલાદ છે કે નહીં. બીએપીના સભ્યો દ્વારા આદિવાસી




હિન્દુ નથી એવો દાવો કરાયા બાદ આ પ્રકારની ટિપ્પણી કરવામાં આવી હતી.

રાજસ્થાનના શિક્ષણ મંત્રીના વિવાદિત નિવેદનની ચોતરફી ટીકા કરતાં સાંસદ રાજકુમાર રોતે કહ્યું કે અમે મદન દિલાવર સામે આદિવાસી વિરોધી અભિયાન ચલાવીશું અને આદિવાસીઓના ડીએનએ ટેસ્ટ માટે બ્લડ સેમ્પલ મોકલીશું. આ સેમ્પલ રાજ્યના મુખ્યમંત્રી ભજનલાલ શર્મા અને મદન દિલાવરને મોકલાશે.

સાંસદ રાજકુમાર રોતે કહ્યું કે મદન દિલાવરે અમારા પર આરોપ લગાડવા જેવી ભાષા વાપરી છે તે આદિવાસી સમુદાયનું અપમાન કરનારી છે. મારે તેમને એટલું જ કહેવું છે કે બીએપીથી હેરાન થઈને તમે આવા પાયાવગરના નિવેદનો કરી રહ્યા છો. તમે જે નિવેદન આપ્યું તે સમગ્ર દેશના આદિવાસીઓ માટે એક પડકાર છે. હવે નક્કી જ ભાજપે તેના કારણે ભોગવવાનો વારો આવશે.

રોતે ભારપૂર્વક કહ્યું કે મારે સમગ્ર દેશના આદિવાસીઓને એટલું જ કહેવું છે કે હવે તમારા બ્લડ સેમ્પલ રાજસ્થાનના મુખ્યમંત્રી અને મદન દિલાવરને મોકલો. જો મદન દિલાવર રાજીનામું નહીં મૂકે તો ભાજપ તેમને બરતરફ કરે કેમ કે રાજસ્થાનના શિક્ષણમંત્રીએ સમગ્ર આદિવાસી સમુદાય સામે આરોપ મૂક્યો છે.

# મધ્યપ્રદેશ ભાજપના નેતા મોનુ કલ્યાણેની ગોળી મારી હત્યા, આરોપી ફરાર

મધ્યપ્રદેશ, તા.૨૩

મધ્યપ્રદેશના ઈન્દોરમાં શનિવારે મોડી રાત્રે બાઈક પર આવેલા બે શખ્સોએ ભાજપ નેતાની સરજાહેર ગોળી મારીને હત્યા કરી નાખી છે. ઘટના શહેરના એમજી રોડ પોલીસ સ્ટેશન વિસ્તારમાં બની હતી. હાલ પોલીસ આ ઘટનાની તપાસ કરી રહી છે અને બંને ફરાર આરોપીઓની શોધખોળ શરુ કરી દીધી છે. સૂત્રો પાસેથી મળતી માહિતી મુજબ આ ઘટના શહેરના એમજી રોડ વિસ્તારના ચિમનબાગ ચોક પર બની હતી. શનિવાર મોડી રાત્રે લગભગ ત્રણ વાગ્યે બાઈક પર આવેલા બે બદમાશો મોનુ કલ્યાણે પર ફાયરિંગ કરીને નાસી છૂટ્યા હતા. જો કે તે બચી ગયા હતા. ગોળી વાગવાથી મોનું તરત જ જમીન પર પડી ગયો હતો. આ પછી મોનુના મિત્રોએ તેને હોસ્પિટલ લઈ ગયા હતા. જ્યા હાજર ડૉક્ટોરોએ મૃત જાહેર કર્યો હતો. ઉલ્લેખનીય છે કે ફરાર આરોપીઓએ હાજર મોનુના મિત્રો પર પણ ફાયરિંગ કર્યું હતું. પોલીસે પ્રથામિક માહિતી આપતા જણાવ્યું હતું કે હત્યા પાછળનું કારણ અંગત અદાવત હોઈ શકે છે. તેમજ મોનુ શનિવારે રાત્રે ભગવા યાત્રાની તૈયારી કરી રહ્યો હતો. ગોળીબાર કરનાર શખ્સો પીયૂષ અને અર્જૂન નામના બે યુવકો હતા. જેની શોધખોળ શરુ કરી દીધી છે.




# નીટ પેપર લીકમાં મહારાષ્ટ્ર કનેક્શન પણ સામે આવ્યું, લાતુરના ૨ શિક્ષકોની પૂછપરછ

(એ.આર.એલ),મુંબઈ,તા.૨૩

નીટ પેપર લીકના તાર સતત નવા રાજ્યો સાથે જોડાયેલા છે અને એવી આશંકા છે કે પેપર લીકની આ ગેંગ દેશભરમાં ફેલાયેલી છે. આ કેસમાં હવે મહારાષ્ટ્ર કનેક્શન સામે આવ્યું છે. મહારાષ્ટ્રની નાંદેડ એટીએસે લાતુરમાંથી બે શિક્ષકોની અટકાયત કરીને પૂછપરછ કર્યા બાદ છોડી મૂક્યા છે. બંનેની લગભગ ૧૦ કલાક પૂછપરછ કરવામાં આવી હતી. ફરી પૂછપરછ માટે બોલાવવામાં આવે ત્યારે હાજર થવાની શરતે એટીએસે બંનેને મુક્ત કર્યા છે. આ શિક્ષકોમાંથી એક લાતુરમાં અને બીજી સોલાપુરની જિલ્લા પરિષદ શાળામાં શિક્ષક છે. પકડાયેલા બંને આરોપીઓ લાતુરમાં ખાનગી કોચિંગ સેન્ટર પણ ચલાવે છે. નાંદેડ એટીએસે શનિવારે રાત્રે બંને શિક્ષકોની અટકાયત કરી હતી. હાલ બંને શિક્ષકોની સઘન પૂછપરછ ચાલી રહી છે. મહારાષ્ટ્ર પહેલા NEET પેપર લીકને બિહાર, ઝારખંડ, ઉત્તર પ્રદેશ, હરિયાણા અને રાજસ્થાન સાથે જોડવામાં આવ્યું છે. પેપર લીક કેસમાં બિહાર પોલીસે પ્રથમ ધરપકડ કરી હતી. આ પછી ખબર પડી કે ઝારખંડની કોઈ શાળામાંથી પેપર લીક થયું છે.

**ઘરના પાલતુ કૂતરાને પણ ગોળી મારી**

# પંજાબના બરનાલામાં અકાલી દળના નેતા કુલવીરસિંહ માને પોતાની માતા અને પુત્રીની ગોળી મારીને હત્યા કરી

(એ.આર.એલ),ચંડીગઢ,તા.૨૩

પંજાબના બરનાલામાં અકાલી દળના નેતા કુલવીર સિંહ માનએ પોતાની માતા અને પુત્રીની ગોળી મારીને હત્યા કરી નાખી. ત્યારબાદ ઘરના પાલતુ કૂતરાને પણ ગોળી મારી દેવામાં આવી હતી. આ પછી તેણે પોતાના મંદિર તરફ રિવોલ્વર તાકી અને પોતાને ગોળી મારીને આત્મહત્યા કરી લીધી. ઘટના સમયે કુલવીરની પત્ની ઘરે ન હતી. તે શનિવારે સાંજે દૂધ લેવા ગયો હતો. પત્ની ઘરની બહાર નીકળી કે તરત જ કુલવીરે આ ભયાનક ઘટનાને અંજામ આપ્યો. આ ઘટના બરનાલાના રામ રાજ્ય કોલોનીની કોઠી નંબર ૩૫૩માં બની હતી.



મૃતકોમાં કુલવીર ઉપરાંત તેની માતા બળવંત કૌર અને પુત્રી નિમરત કૌરનો સમાવેશ થાય છે. મળતી માહિતી મુજબ, અકાલી નેતા કુલવીરે અડધા કલાકમાં જ કુકર્મ આચર્યું હતું. તેમની પત્ની રમનદીપ કૌર કૂતરા માટે દૂધ લેવા ગઈ હતી. અડધા કલાક પછી જ્યારે તે ઘરે પાછી આવી ત્યારે અંદર ચાર મૃતદેહો વેરવિખેર પડેલા હતા. આ જોઈને તેણે ચીસો પાડી. રમણદીપનો અવાજ સાંભળીને પડોશીઓ તેના ઘરે આવ્યા. તેણે તરત જ આ અંગે પોલીસને જાણ કરી હતી.

# બિહારમાં ત્રીજો પુલ ધરાશાયી, પૂર્વ ચંપારણમાં નિર્માણાધીન પુલનો એક ભાગ તૂટી પડ્યો

(એ.આર.એલ),પટણા,તા.૨૩

બિહારમાં એક અઠવાડિયામાં આ ત્રીજો પુલ અકસ્માત છે. આ વખતે પૂર્વ ચંપારણના ઘોરસાહન બ્લોકમાં રૂ. ૧.૫ કરોડના ખર્ચે નિર્માણાધીન પુલ ધરાશાયી થયો હતો. હવે તેનો વીડિયો વાયરલ થઈ રહ્યો છે. લોકો બિહાર સરકાર પર સવાલો ઉઠાવી રહ્યા છે. લોકોનું કહેવું છે કે ઘોરસાહન બ્લોક અમાવાથી ચૈનપુર સ્ટેશન તરફ જતા રોડ પર બની રહેલા બ્રિજનું કાસ્ટિંગ કામ ઘણા દિવસોથી ચાલી રહ્યું હતું. શનિવારે પૂલના એક ભાગનું કાસ્ટિંગ પણ કરવામાં આવ્યું હતું. અચાનક રાત્રે લગભગ ૪૦ ફૂટ લાંબો ભાગ પડી ગયો. લોકોનું કહેવું છે કે બ્રિજના નિર્માણમાં ગુણવત્તાની કોઈ કાળજી લેવામાં આવી નથી. બ્રિજમાં વપરાતા મટિરિયલની ગુણવત્તા ખૂબ જ નબળી છે. તેથી અરરિયામાં બકરા નદી પર બનેલા પુલ અકસ્માતની જેમ અહીં પણ આવી જ સ્થિતિ સર્જાઈ હોવાનું લોકોએ જણાવ્યું હતું કે, હવે પ્રશ્ન એ થાય છે કે કાસ્ટિંગ સમયે જ બ્રિજ તૂટી રહ્યો છે. તેની ગુણવત્તા શું હશે? આ માટે જવાબદાર કોણ? બિહાર સરકારે આ મામલાની તપાસ કરીને જવાબદારો સામે કાર્યવાહી કરવી જોઈએ. અહીં લોકોએ બ્રિજ અકસ્માતના વિરોધમાં સૂત્રોચ્ચાર કર્યા હતા. ગ્રામજનોએ પડી ગયેલા પુલની સામે ઉભા રહીને સૂત્રોચ્ચાર શરૂ કર્યા હતા. તેમનું કહેવું છે કે ઘોરસાહન બ્લોકના અમવાથી ચૈનપુર સ્ટેશન જતા રસ્તા પર ૪૦ ફૂટ બ્રિજ બનાવવાનું કામ ચાલી રહ્યું હતું.



**વરસાદ પડતા ખેડૂતોમાં ખુશીનો માહોલ છવાયો**

# કોડીનાર તાલુકાના ડોળાસામાં એક ઈંચ વરસાદ ખાબકયોં

ડોળાસા, તા.૨૩

કોડીનાર તાલુકાના ડોળાસા ગામે સીઝનનો પ્રથમ વરસાદ પડયો હતો. જેથી ખેડૂતોમાં ખુશીનો માહોલ છવાયો હતો. લાંબા સમયથી બફારો અને ઉકળાટના કારણે અહીંના લોકો અકળાઈ ઉઠયા હતા. બપોર બાદ વાતાવરણમાં પલટો આવ્યો હતો અને ધીમી ધારે વરસાદ બાદ એકદમ ધોધમાર



વરસાદ ખાબકયો હતો. જેથી રસ્તાઓ પર પાણી વહેતા થયા હતા અને લોકોને ગરમીથી રાહત મળી હતી. અંદાજે એક ઈંચ કરતા વધારે વરસાદ પડતા ખેડૂતોમાં ખુશીનો માહોલ છવાયો છે.

**ઘટનાસ્થળે અન્ય કોઈ ન હોવાથી જાનહાનિ ટળી**

# સા.કુંડલા વોર્ડ નં. ૬ માં વીજળી પડતા બે બકરાના મોત

સાવરકુંડલા, તા.૨૩

સાવરકુંડલામાં બપોર બાદ વરસાદ શરૂ થયો હતો ત્યારે ૫:૪૫ કલાકે સાવરકુંડલા નગરપાલિકા વિસ્તારમાં ઈન્દિરા વસાહત વોર્ડ નંબર ૬ બાપા સીતારામની મઢુલી પાસે મુકેશભાઈ પરસોત્તમભાઈ જમોડના મકાન ઉપર વરસાદને હિસાબે આરસીસી પારાપીટ પડવાથી બાજુમાંથી પસાર થતા પીજીવીસીએલના ઈલેક્ટ્રીક તાર તુટેલ જેને કારણે નીચે રોડ પર સુરાભાઈ વશરામભાઈ ગોહિલની માલિકીના બે બકરાનું ઈલેક્ટ્રિક શોક લાગવાથી ઘટના સ્થળે મોત થયેલ જો કે કોઈ જાનહાની ટળી હતી. સાંજે લીલીયા પંથકમાં અનરાધાર વરસાદ પડ્યો હતો જેના કારણે નદી નાળા છલકાઈ ગયા હતા. લીલીયા તાલુકાના મોટા કણકોટ



ગામે કપિલ પરામાં દીલીપભાઈ અશોકભાઈના રહેણાંક મકાન પર વિજળી પડી હતી. જેના કારણે ઘરવખરીને ભારે નુકસાન થયું હતું.

# ઉના ગીરગઢડા રોડ પર જરગલી ગામનાં પાટિયા નજીક ધોળીવાવ પાસે બોલરોએ પલ્ટી મારી

ઉના, તા.૨૩

ઉના ગીરગઢડા રોડ પર આવેલ જરગલી ગામનાં પાટિયા પાસે ધોળીવાવ નામે ઓળખાતી જગ્યા પર એક બોલેરો ચાલકે સ્ટેરીંગ પરનો કાબુ ગુમાવી દેતા પલ્ટી ખાઈ ગયો હતો. જેમાં બેઠેલા તમામ લોકોનો આબાદ બચાવ થયો હતો. આ અકસ્માતમાં ત્યાથી પસાર થતા એક બાઈક ચાલકને ઈજા પહોંચતા ઈમરજન્સી ૧૦૮ એમ્બ્યુલન્સમાં



તસવીર : કૈલાશ ભટ્ટ

સારવાર અર્થે ઉના ખાનગી હોસ્પિટલે ખસેડવામાં આવ્યો હતો. અકસ્માતમાં બોલેરો બેઠેલા દસથી વધુ લોકોનો આબાદ બચાવ થયો હતો અને કોઈ જાનહાની થઈ ન હતી. જોકે એક બાઈક ચાલક પ્રેમજીભાઈ ભીખાભાઈ ભીમાણી રહે. જરગલી વાળાને ઈજા પહોંચી હતી.

**વરસાદી અને ગટરના પાણીના નિકાલની કોઈ વ્યવસ્થા ન હોવાથી હાલાકી**

# ધોરાજીમાં પ્રી મોન્સુન કામગીરીના નામે મીંડુ : સમસ્યા અંગે વિરોધ પક્ષનો આક્ષેપ

ધોરાજી, તા.૨૩

ધોરાજી શહેરમાં શહેરમાંથી પસાર થતાં નાળા વોંકળા અને રાજાશાહી વખતના મોટા બુગદા આવેલા છે જે સફાઈના અભાવે કચરાના ગંજ બની ગયા છે શહેરમાં વરસાદી પાણીના નિકાલ માટે અન્ય કોઈ વ્યવસ્થા ન હોવાથી વરસાદી પાણી શહેરમાંથી પસાર થતા નાળા, વોકળામાંથી નીકળી જતા હોય છે. પરંતુ નગરપાલિકા દ્વારા શહેરના નદી નાળાની સફાઈ થતી ન હોવાથી મોટા પ્રમાણમાં કચરો જમા થઈ ગયો હોય છે જેને લીધે વરસાદી પાણીના નિકાલ થઈ શકતો નથી અને તે કારણે વરસાદી પાણી શહેરના નિચાણવાળા વિસ્તારમાં ફરી વળે છે. પ્રિમોન્સૂન કામગીરી મામલે ધોરાજી વિરોધ પક્ષના નેતા કોંગ્રેસ પ્રમુખ દિનેશભાઈ



તસવીર : નયન કુહાડીયા

વોરાએ જણાવ્યું હતું કે જ્યારથી ધોરાજી નગરપાલિકામાં વહીવટદારનું શાસન આવ્યું છે ત્યારથી કોઈ જરૂરી કામગીરી થતી નથી અને નગરપાલિકા પ્રિ મોન્સૂન કામગીરી પરત્વે દુર્લક્ષ સેવી રહી છે. ધોરાજીના ચૂંટાયેલા વર્તમાન ધારાસભ્ય પણ લોકોની આવી સમસ્યા મામલે ધ્યાન આપતા નથી. જેની સામે ધોરાજી શહેર ભાજપ પ્રમુખ રાજુભાઈ બાલધાએ જણાવેલ કે કોંગ્રેસને આક્ષેપ કરવાની ટેવ છે ધોરાજી નગરપાલિકામાં પ્રિમોન્સૂન કામગીરી મામલે સૂચના અપાઈ ચૂકી છે અને પાલિકા દ્વારા હાલ કામગીરી ચાલી રહી છે.

# સુરતમાં જીરા ગામના આગેવાનો દ્વારા વૃક્ષારોપણ અભિયાનનો સંકલ્પ

## અંદાજે ચારથી પાંચ હજાર વૃક્ષો રોપવાનો સંકલ્પ કર્યો

સુરત,તા.૨૩

આજે સુરતના જીરા ગામના આગેવાનો દ્વારા ગુજરાત ભાજપ પ્રદેશ પ્રમુખ અને કેન્દ્રિય જલ સંગ્રહ મંત્રી સી.આર. પાટીલની મુલાકાત લેવામાં આવી હતી. આ મુલાકાત દરમિયાન, ગામના આગેવાનો - પ્રમુખ



હિંમતભાઈ દેસાઈ, મંત્રી હિંમતભાઈ વાવડીયા, ખજાનચી કાનજીભાઈ કોલડીયા, બાબુભાઈ ડી ચોડવડીયા, પરેશભાઈ ડોબરીયા, પ્રતાપભાઈ ચોડવડીયા, હસમુખભાઈ મધુભાઈ દેસાઈ, હરિભાઈ શેખડા, જીવનભાઈ ગજેરા, વિક્રમભાઈ ખુમાણ, જીવનભાઈ સાવજ અને દાસભાઈ બાળધાએ જીરા ગામ, બોરાળા, ભમોદ્રા, સીમરણ અને આંબા ગામોના રસ્તા પર અંદાજે ચારથી પાંચ હજાર વૃક્ષો રોપવાનો સંકલ્પ કર્યો હતો.

આ વૃક્ષારોપણ કાર્યક્રમ આગામી જન્માષ્ટમીના દિવસે રામમંદિરના ધ્વજારોહણ કાર્યક્રમ સાથે યોજાશે. ગામના તમામ લોકોને આ કાર્યક્રમમાં હાજરી આપવા અને આ નેમને સફળ બનાવવામાં સહયોગ આપવા આમંત્રણ આપવામાં આવ્યું છે.

# કોડીનારના માલગામની મહિલાઓ માનવસર્જિત પાણીની સમસ્યાથી તોબા પોકારી ઉઠી

ડોળાસા તા.૨૩

કોડીનાર તાલુકાના માલગામને પાણી પૂરું પાડતી જામવાળા ડેમની પાઈપ લાઈન નેશનલ હાઈવે દ્વારા ટોલ નાકાના કામ દરમ્યાન તોડી નાખી હતી. આ વાતને બે માસ વીતિ ગયા પણ આ પાઈપ લાઈન હાઈવે ઓથોરિટી દ્વારા રિપેર કરવામાં આવી નથી. તો પાણી પુરવઠા બોર્ડ કોડીનાર દ્વારા પણ કોઈ કામગીરી



તસવીર : અનિલ કાનાબાર

કરવામાં આવી નથી. જેના કારણે માલગામની મહિલાઓ પાણી બાબતે ભારે પરેશાન છે. આ બાબતે માલગામ ગ્રામ પંચાયતના વહીવટદાર દ્વારા અવાર નવાર રજૂઆતો કરવા છતાં આ ગામની પાણીની માનવ સર્જિત સમસ્યા દૂર કરવામાં આવી નથી. આ બાબતે પાણી પુરવઠા બોર્ડની ઉદાસીનતા અને નેશનલ હાઈવેના અધિકારીઓની દાદાગિરિનો ભોગ માલગામના લોકો બની રહ્યા છે. માલગામની પાણીની સમસ્યાનો કાયમી ઉકેલ તુરતમાં નહિ આવે તો આગામી દિવસોમાં માલગામની મહિલાઓ ટોલ નાકા ઉપર જઈ કામ બંધ કરાવશે તેવી ચીમકી આપી છે.

## ગુજરાતમાં નવી મહામારીએ માથુ ઉંચક્યું : આરોગ્ય વિભાગ સફાળુ જાગ્યું

# ઉપલેટા પંથકમાં કોલેરાથી ૧૦ દિવસમાં પાંચ બાળકોના મોત

**કોલેરાની સાથે સાથે ઝાડા - ઉલ્ટીના પણ વધુ કેસો : ખાનગી અને સરકારી દવાખાના દર્દીઓથી ભરાયા**

(એ.આર.એલ),રાજકોટ,તા.૨૩

ગુજરાતમાં હવે નવી મહામારી માથુ ઉંચકી રહી છે. ગુજરાતમાં હવે કોલેરા બીમારી ધીરે ધીરે ફેલાઈ રહી છે. ત્યારે હવે સૌરાષ્ટ્રમાં કોલેરાએ દસ્તક આપી હોય તેવી દહેશત ફેલાઈ છે. ત્યારે હવે રાજકોટના ઉપલેટામાં તણસવા ગામે પાંચ બાળકોના મોત કોલેરાથી થયા હોવાનું અનુમાન છે.

રાજકોટ જિલ્લાના ઉપલેટા તાલુકાના તણસવા ગામ પાસે પાંચ બાળકોના મોત થયા છે. ઉપલેટાના ગણોદ પાટીયા અને તણસવા ગામ વચ્ચે આવેલા પ્લાસ્ટિકના અલગ અલગ કારખાનાઓમાં રહેતા પરપ્રાંતિય શ્રમિકોના બાળકોના મૃત્યુ થયા છે. એક વર્ષથી સાત વર્ષ સુધીની ઉંમરના બાળકોના મોતના કિસ્સા બન્યા છે. ગત ૧૩ તારીખથી અત્યાર સુધીમાં પાંચ બાળકોના મોત નિપજતા તંત્ર દોડતું થયું છે. જિલ્લા આરોગ્ય શાખા, મામલતદાર, ડેપ્યુટી કલેકટર, પોલીસ તેમજ અન્ય ટીમો તણસવા ગામે પહોંચી ગયા છે. મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી પી. કે. સિંગ પણ ટીમ સાથે તણસવા ગામે પહોંચ્યા છે.

તણસવા ગામ નજીક પ્લાસ્ટિકના ઘણા કારખાનાઓ આવેલા છે. વેસ્ટ પાણી જતું હોય કારખાનાઓના પાણીને કારણે ઝાડા, ઉલ્ટી બાદ કોલેરાને કારણે બાળકોના મોત થયા હોવાનું પ્રાથમિક તારણ છે. પ્લાસ્ટિકના કારખાનાઓમાં વેસ્ટ માલ વચ્ચે ઝુંપડામાં રહેતા



હોય અને પાણી પીતા હોવાથી ઝાડા ઉલ્ટી થયા બાદ કોલેરા થયા હોય તેવું અનુમાન છે. આરોગ્ય હેલ્થ ઓફિસર દ્વારા ૨૦ ટીમ બનાવી આજુબાજુના કારખાનાઓમાં કામ કરતા પરપ્રાંતીય મજૂરોને ચેક કરવામાં આવશે. પાણીના સેમ્પલ પાણી પુરવઠા ડિપાર્ટમેન્ટે લીધા છે જેને લેબમાં મોકલ્યા બાદ સાચું કારણ બહાર આવશે. તો બીજી તરફ, આણંદ શહેરમાં કોલેરાનાં કેસ મળી આવતા શહેરનાં ૧૦ કિલોમીટરનાં વિસ્તારને કોલેરા ભયગ્રસ્ત જાહેર કરાયો છે. આણંદમાં કોલેરાના વધુ બે પોઝિટીવ કેસ નોંધાયા છે. આણંદમાં કોલેરાના કુલ ૪ પોઝિટીવ કેસ નોંધાયા છે. શહેરમાં ઝાડા ઉલ્ટીના ૪૧ કેસ સત્તાવાર નોંધાયા છે. ઝાડા ઉલ્ટીના ૧૦૦ થી વધુ કેસ ખાનગી હોસ્પિટલમાં છે. આણંદ શહેરમાં પ્રશાંત ચોકડી પાસે આવેલી ગુલમર્ગ સોસાયટીમાં પીવાનાં પાણીની પાઈપ લાઈનમાંથી દુષિત પાણી આવતા સોસાયટીમાં ૧૫ થી વધુ લોકોને ઝાડા ઉલ્ટીઓ સહિતની બિમારીઓ થતા સ્થાનિકોમાં ભારે રોષ પ્રવર્તી ઉઠયો છે અને આજે સ્થાનિક મહિલાઓએ સુત્રોચ્ચાર કરી પાલિકા હાય હાયનાં નારા લગાવી છાજીયા લીધા હતા. તો અમદાવાદ શહેર પણ દૂષિત પાણીના ત્રાસથી બાકાત નથી એએમસીના અનેક પ્રયત્નો બાદ પણ શહેરમાં પાણીજન્ય રોગચાળો ગંભીર રીતે વકર્યો છે. એએમસીના લેટેસ્ટ અપડેટ અનુસાર, જાન્યુઆરીથી જૂન માસ સુધી ઝાડા ઊલટી, ટાઈફોઈડ, કમળો અને કોલેરાના સેંકડો કેસ નોંધાયા છે. જાન્યુઆરીથી ૯ જૂન સુધી ઝાડા ઉલટીના ૫૫૧૫, કમળો ૭૬૬, ટાઈફોઈડના ૧૮૧૫ અને કોલેરાના ૯૧ કેસ નોંધાયા છે. જૂન મહિનામાં જ પાણીજન્ય રોગચાળાના સેંકડો કેસ નોંધાયા છે. ૯ જૂન સુધીમાં ઝાડા ઉલટીમાં ૪૬૮, કમળો ૭૩, ટાઈફોઈડ ૧૫૬ અને કોલેરાના ૧૯ કેસ નોંધાયા છે. અમદાવાદના ઈન્દ્રપુરી, વટવા, લાંભા, મણિનગર , દાણીલીમડા, બહેરામપુરા, અને અમરાઈવાડીમાં કોલેરાના કેસ નોંધાયા છે.

# ખાંભાના હનુમાનપરા ગામે બે સગા ભાઈઓ સહિત ત્રણને વીજશોક લાગતા મોત

અમરેલી,તા.૨૩



**વરસાદને કારણે રેતી ધોવાના મશીનમાં જ વીજશોક લાગ્યો**

ખાંભા તાલુકાના હનુમાનપરા ગામે રેતી ધોવાના મશીનમાં વીજશોક લાગતા બે સગા ભાઈઓ સહિત ત્રણ લોકોને વીજ શોક લાગતા તેમના મોત નિપજતા પરીવારમાં આક્રંદ છવાયો છે. ખાંભા તાલુકાના હનુમાન પરા ગામે રહેતા પથુભાઈ જીલુભાઈ બોરીચા(ઉ.વ.૩૨), માનકુભાઈ જીલુભાઈ બોરીચા(ઉ.વ.૩૦) નામના બે સગા ભાઈઓ તેમજ તેમનો ભત્રીજો ભવદીપભાઈ બાબાભાઈ બોરીચા મકાન ચણવાનુ કામ કરતા હતા અને રેતી ધોવાના મશીનમાં રેતી ધોવાતી હતી ત્યારે વરસાદ શરૂ થતા રેતી ધોવાના મશીનમાં વીજશોક આવતા ત્રણ લોકોના મોત નિપજયા હતા. આ ઘટનાના સમાચાર મળતા જ પરીવારમાં આક્રંદ છવાયો હતો. ત્રણેય મૃતકોને પીએમ માટે ખાંભા સરકારી હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા છે. આ ઘટનાની જાણ થતા જ લોકોના ટોળેટોળા ઉમટી પડયા હતા. આ ઘટનાથી સમગ્ર પંથકમાં અરેરાટી પ્રસરી જવા પામી છે.

# ગણેશ જાડેજાની દબંગાઈના વિરોધમાં જૂનાગઢથી ગાંધીનગર બાઈક રેલીનું આયોજન

જૂનાગઢ,તા.૨૩



ગણેશ જાડેજાની દબંગાઈના વિરોધમાં ગોંડલ પૂર્વ ધારાસભ્ય જયરાજસિંહ જાડેજાના પુત્ર સામે રોષ ફેલાયો છે અને સંમેલન યોજાઈ રહ્યું છે. જેમાં જૂનાગઢમાં સમસ્ત અનુ.જાતિ સમાજનું સંમેલન યોજાશે. તેમાં મોટી મોણપરીમાં ૬ જુલાઈએ સંમેલન મળશે. તેમજ સંમેલનમાં આગામી કાર્યક્રમની રણનીતિની ચર્ચા કરાશે અને જૂનાગઢથી ગાંધીનગર સુધી બાઈક રેલી અંગે ચર્ચા થશે. જુનાગઢમાં તા. ૬ જુલાઈના રોજ સમસ્ત અનુ. જાતિ સમાજનું સમેલન યોજાશે. જેમાં મોટી મોણપરીમાં કાર્યક્રમનું આયોજન થશે તેમજ બાબાસાહેબની પ્રતિમાનું અનાવરણ કરાશે. ગુજરાતમાં દબંગગીરી સામે બાઈક રેલી યોજાશે. કાર્યક્રમમાં રણનીતિની ચર્ચા કરાશે. તેમજ ગાંધીનગર સુધી બાઈક રેલી માટે વાતચીત કરાશે. જૂનાગઢ એનએસયુઆઈના પ્રમુખ સંજય સોલંકીનું અપહરણ કરી માર મારવાના કેસમાં ગોંડલના ધારાસભ્યના પુત્ર ગણેશ જાડેજા સહિત ૧૧ શખ્સો સામે પોલીસ ફરિયાદ નોંધાવવામાં આવી હતી. જૂનાગઢ પોલીસે ગુનો નોંધ્યા બાદ આ કેસમાં સંડોવાયેલા તમામ આરોપીઓને ઝડપી જેલ હવાલે કરવામાં આવ્યા હતા. ફરિયાદી સંજય સોલંકીના વકીલ સંજય પંડિતે જણાવ્યું હતું કે જુનાગઢ સેશન્સ કોર્ટમાં ગણેશ જાડેજાના કેસ મામલે જામીન અરજી માટેની સુનાવણી રાખવામાં આવી હતી. જે મામલે ફરિયાદીના વકીલ તરીકે કોર્ટમાં આરોપીઓને જામીન ન મળે તે માટે વાંધા કારણો રજૂ કરવામાં આવ્યા હતા.

## સુરતમાં કરોડોના ખેલ કરી નાસી જનાર

# ભાગેડુ આરોપી સુમિત ગોએન્કાની દિલ્હીથી ધરપકડ કરતી પોલીસ

(એ.આર.એલ),સુરત,તા.૨૩





સુરત શહેરમાં કરોડો રૂપિયાનો ખેલ કરી દોઢ વર્ષથી ફરાર આરોપી સુમિત ગોએન્કાની દિલ્હીથી ડીસીપી ઝોન-૪ના સ્કવૉડે ધરપકડ કરી છે. ડાયરીઓના નામે કરોડો-અબજોના ખેલ કરનારા સુમિત ગોએન્કા મોટા બિલ્ડરો અને કાપડ વેપારીઓનું ૭૦૦ કરોડનું ફૂલેકું ફેરવીને બિહાર ભાગી ગયો હતો બાદમાં બિહારથી દિલ્હી ભાગી ગયો હતો. વેસુ પોલીસ આરોપીની શોધખોળમાં જોડાઈ ગઈ હતી.

સુમિત અને તેની ટોળકીએ સિટીલાઈટ સૂર્યા પેલેસમાં રહેતા બિલ્ડર અભિષેક ગૌસ્વામીને વીઆઈપી રોડના સોલેરિયમ પ્રોજેક્ટમાં ૧૫ દુકાન વેચી ૧.૫૪ કરોડ લીધા હતા. આ કેસમાં શ્રેષ્ઠા ગૃપના ડેવલોપર્સના ભાગીદાર ભાવિન પટેલ, પ્રદીપ તમાકુવાલા, વસંત પટેલ, તુષાર શાહ, સુમિત ગોએન્કા, રાજુસીંગ અને ઓમકાર સીંગની તપાસ કરવા પોલીસ તેમના ઓફિસ અને ઘરે ગઈ હતી. અભિષેકે જણાવ્યું કે સુમિતે ઉધનાના એક બિલ્ડર પાસેથી ૨૫૦ કરોડ, એક મોટા બિલ્ડરો પાસેથી ૩૦૦ કરોડ, કાપડના વેપારીઓ પાસેથી ૧૫૦ કરોડ લીધા છે. આ અગાઉ સુમિત વિરુદ્ધ પોલીસમાં અરજીઓ પણ થઈ છે. ત્યારે આરોપી સુમિત ગોએન્કા દિલ્હીમાં ખાખરા વેચતા ઝડપાયો છે. કરોડો રૂપિયાની છેતરપિંડીના ગુનામાં દોઢ વર્ષથી ફરાર હતો. સુરત વેસુ પોલીસના ચોપડે સુમિત વોન્ટેડ જાહેર કરાયો હતો.

# અમદાવાદ ખાતે 'મેસેન્જર્સ ઓન સાઈકલ' રેલીનું પ્રસ્થાન કરાવતા ભૂપેન્દ્ર પટેલ

અમદાવાદ,તા.૨૩



મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે અમદાવાદના એચ. એલ. કોલેજ ઑફ કૉમર્સ કેમ્પસ ખાતેથી 'મેસેન્જર્સ ઓન સાઈકલ' રેલીને પ્રસ્થાન કરાવ્યું હતું. હેલન કેલરના ૧૪૪મા જન્મદિવસ નિમિત્તે દિવ્યાંગોના સમર્થનમાં ચેરિટી રાઈડનું આયોજન સેન્સ ઈન્ટરનેશનલ ઈન્ડિયા નામની સંસ્થા દ્વારા કરવામાં આવ્યું હતું. 'મેસેન્જર્સ ઓન સાઈકલ'નું આયોજન દસમી વખત થયું, જેમાં દિવ્યાંગોનો જુસ્સો વધારવા માટે સાઈકલીસ્ટસ અને રનર્સ મોટી સંખ્યામાં હોંશેહોંશે જોડાયા હતા. આ ઉપરાંત સામાન્ય લોકોને ડેફબ્લાઈન્ડનેસનો અનુભવ કરાવી જાગૃતિ વધારવા માટે અહીં ખાસ ડેફબ્લાઈન્ડનેસ ઝોન પણ બનાવાયો હતો.

આ રેલીમાં સાઈકલિસ્ટ માટે ૧૫ કિલોમીટર અને દોડવીરો માટે પાંચ કિલોમીટરનો રૂટ નિર્ધારિત કરવામાં આવ્યો હતો. સમગ્ર રૂટ પર પાણી, હાઈડ્રેશન તથા મેડિકલ ટીમની વ્યવસ્થા કરવામાં આવી હતી.

આ સમગ્ર કાર્યક્રમનું આયોજન ડિફબલાઈન્ડનેસ માટે આંતરરાષ્ટ્રીય સ્તરે કામ કરતી સંસ્થા સેન્સ ઈન્ટરનેશનલ ઈન્ડિયા દ્વારા કરવામાં આવ્યું હતું. આ અવસરે વિવિધ સંસ્થાઓના સ્વયંસેવકો અને મોટી સંખ્યામાં સ્વાસ્થ્યપ્રેમી નાગરિકો રેલીમાં સામેલ થયા હતા.

## વધતા જતા વાહન વ્યવહારના કારણે

# સાબરમતી અને બનાસ નદી પર કરોડોના ખર્ચે બે નવા બ્રિજ બનશે

(એ.આર.એલ) ગાંધીનગર,તા.૨૩



વધતા જતા વાહન યાતાયાતને વધુ સુવિધા આપવા, મજબૂત રોડ ઈન્ફ્રાસ્ટ્રક્ચર નિર્માણની મુખ્યમંત્રી દ્વારા પહેલ કરવામાં આવી છે. જૂના-જર્જરિત પુલોના પુનઃ બાંધકામ – મજબૂતીકરણ અને સ્ટ્રક્ચર્સ મરામતથી રાજ્યમાં રોડ નેટવર્ક સુદ્રઢ કરવા નાણાં ફાળવણીનો મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલનો અભિગમ છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે રાજ્યના રોડ નેટવર્ક ઈન્ફ્રાસ્ટ્રક્ચરને વધુ સુદ્રઢ અને વાહન યાતાયાત માટે સરળ બનાવવા ઉત્તર ગુજરાતમાં સ્ટેટ હાઈવે ૫૫ પર બે નવા બ્રિજ નિર્માણ માટે રૂ. ૩૯૯ કરોડની સૈદ્ધાંતિક મંજૂરી આપી છે.

મુખ્યમંત્રીએ રાજ્યમાં જૂના પુલોના – માર્ગોના પુનઃબાંધકામ, મજબૂતીકરણ અને સ્ટ્રક્ચર્સની મરામત હાથ ધરીને સમયાનુકૂલ રોડ ઈન્ફ્રાસ્ટ્રક્ચર નિર્માણ માટે માર્ગ-મકાન વિભાગને દિશા-નિર્દેશો આપેલા છે.

તદ્અનુસાર, ઉત્તર ગુજરાતમાં રાધનપુર-ચાણસ્મા રોડ – સ્ટેટ હાઈવે-૫૫ ઉપર રાધનપુર નજીક બનાસ નદી ઉપર રૂ. ૧૭૯ કરોડના અંદાજિત ખર્ચે નવો ફોર લેન બ્રિજ બનાવવા તેમણે સૈદ્ધાંતિક અનુમતિ આપી છે. ચાણસ્માને સરહદી વિસ્તાર રાધનપુર સાથે જોડતા આ અગત્યના માર્ગ પર ગોચનાદ ગામ નજીક બનાસ નદી પર પુલ હાલ હયાત છે.


**નિલકંઠ જવેલર્સ**

(લાઠીવાળા)

અમરેલી - ૩૬૫ ૬૦૧

ફોન નં : (૦૨૭૯૨) ૨૨૩૫૫૭ / ૨૩૦૫૫૭

સોનાના ૨૨ કેરેટ હોલમાર્ક દાગીનાનો ભાવ જાણવા માટે

6356560000

મીસકોલ કરો અને SMS થી ભાવ જાણો.

તેમજ Whatsapp DP માં ભાવ જુઓ.


# સુરતમાં બનેલી વિશ્વની સૌથી મોટી ડાયમંડ બુર્સમાં ૭ જુલાઈથી ઓફિસ ખુલશે

સુરત,તા.૨૩



૭ જુલાઈથી ડાયમંડ બુર્સમાં ઓફિસ ખુલશે. બુર્સમાં એક સાથે ૨૫૦ ઓફિસ ખુલવાની શક્યતા છે. ૭૦૦થી વધુ ઓફિસમાં ફર્નીચરની કામગીરી ચાલુ થઈ ગઈ છે. ઉલ્લેખનીય છે કે આ સ્થળ વિશ્વની સૌથી મોટી ઓફિસ બિલ્ડીંગ છે. ડાયમંડ બુર્સમાં ૧૪૦ ઓફિસ ખુલવા માટે સંપૂર્ણ સંમતિ મળી છે. ઓફિસ ખુલતાની સાથે સુરત-મુંબઈ ફ્લાઈટ શરૂ કરવા પ્રયાસ હાથ ધરાયા છે. ચેરમેનની આગેવાનીમાં કમિટી મેમ્બર્સની બેઠક મળી હતી. કસ્ટમના અંતિમ પ્રશ્નોનું પણ નિરાકણ આવશે.

આંતરરાષ્ટ્રીય ડાયમંડ અને જ્વેલરી ટ્રેડિંગ માટે આ વિશ્વનું સૌથી મોટું અને સૌથી આધુનિક કેન્દ્ર છે. તે કાચા અને પોલિશ્ડ ડાયમંડ તેમજ જ્વેલરીના વેપાર માટે વૈશ્વિક કેન્દ્ર બનશે. ડાયમંડ બુર્સ એ વિશ્વની સૌથી મોટી ઈન્ટરકનેક્ટેડ ઈમારત છે કારણ કે તેમાં ૪,૫૦૦ થી વધુ ઈન્ટરકનેક્ટેડ ઓફિસો ધરાવે છે.


**હોસ્પિટલ માટે સ્ટાફ જોઈએ છે**

**મેડીકલ ઓફિસર**

M.B.B.S./B.H.M.S./B.A.M.S.

લેડીઝ તેમજ જેન્ટસ

: પગાર ધોરણ (ફ્રેશર માટે) :

રૂા. ૧૪,૦૦૦/– થી ૧૮,૦૦૦/–

અનુભવી માટે : રૂા. ૨૦,૦૦૦/– થી ૩૦,૦૦૦/–

**રિસેપ્સનિસ્ટ** (લેડીઝ)

કમ્પ્યુટર/૧૨ પાસ

પગાર ધોરણ : રૂા. ૭,૫૦૦/– થી ૮,૫૦૦/–

**સ્વીપર** (લેડીઝ)

પગાર ધોરણ : રૂા. ૭,૦૦૦/– થી ૮,૦૦૦

ઈન્ટરવ્યુ માટે રૂબરૂ મળવું, ફોન કરવો નહિ.

મળવાનો સમય : ૧૧ થી ૧૨,સાંજે ૫:૩૦ થી ૬:૩૦

નારી વુમન્સ & ચિલ્ડ્રન્સ હોસ્પિટલ & એન્ડોસ્કોપી સેન્ટર

જૂના પાંચ માળીયાની બાજુમાં, વિજય આર્ટસની સામે, માણેકપરા, અમરેલી.